CMYK

# દ્રષ્ટિકોણ જનવાણી

PRGI.NO.GJGUJ/26/A2124

www. drashtikonejanvani.in

Drashtikone Janvani (Daily) Surat

| Year- 01 | Issue-126 | Editor - Gajera Divya | Date: 05 August-2026 Wednesday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani@gmail.com | Mo. 96876 77873

# દક્ષિણ કોરિયામાં ભીષણ હીટ વેવનો કાળો કેર: 122 વર્ષનો રેકોર્ડ તૂટ્યો

**દક્ષિણ કોરિયામાં ભીષણ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સિઓલમાં પ્રથમ ગંભીર હીટ વેવ ચેતવણી અપાઈ છે. યાંગસાનમાં 42.5 ડિગ્રી તાપમાન નોંધાયું, જે 122 વર્ષનો રેકોર્ડ છે. મે મહિનાથી 16ના મોત અને 2,000થી વધુ ગરમી સંબંધિત બીમારીઓ નોંધાઈ છે. સરકારે રાષ્ટ્રીય સંકટ પ્રણાલી સુધારવા અને વીજળી પુરવઠો સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું છે.**



દક્ષિણ કોરિયામાં ભીષણ ગરમીને પગલે જનતા ત્રાહિમામ પોકારી રહી છે. સિઓલમાં તેની પ્રથમ ગંભીર હીટ વેવ ચેતવણી આપી દેવામાં આવી છે. તો બીજી તરફ દક્ષિણ કોરિયાના અનેક શહેરો ઘાતક હીટ વેવથી ઝઝૂમી રહ્યા છે. દક્ષિણ-પૂર્વના શહેર યાંગસાનમાં રવિવારે બપોરે 42.5 ડિગ્રીનું ઓલ-ટાઇમ હાઈ રેકોર્ડ તાપમાન પહોંચી ગયું હતું, જે 122 વર્ષના હવામાન અવલોકનોમાં માપવામાં આવેલું સૌથી વધુ તાપમાન છે, અને હવે આ ગરમી પશ્ચિમ તરફ આગળ વધી રહી છે, જે 90 લાખથી વધુ વસ્તી ધરાવતી ગીચ રાજધાની તરફ આવી રહી છે, જ્યાં મંગળવારે તાપમાન 38 ડિગ્રી સુધી પહોંચવાની અને ત્યારબાદ સતત ત્રણ દિવસ 37 ડિગ્રી રહેવાની ધારણા છે.

કોરિયા ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન એજન્સીના જણાવ્યા અનુસાર, મે મહિનાથી દક્ષિણ કોરિયામાં ગરમી સંબંધિત 16 મોત નોંધાયા છે, અને 2,000થી વધુ લોકોની ગરમી સંબંધિત બીમારીઓ માટે સારવાર કરવામાં આવી છે. મંગળવારે કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે અધિકારીઓને લોકોના દૈનિક જીવનનું રક્ષણ કરવા, અને એર કન્ડિશનિંગની માંગ વધતા પાવર સિસ્ટમની તપાસ કરવા જરૂરી પગલાં લેવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણે રાષ્ટ્રીય સંકટ પ્રણાલીના મૂળભૂત સુધારા માટે પ્રયાસો કરવાની જરૂર છે, કારણ કે હવામાન અતિશય સામાન્ય બની રહ્યું છે.

સિઓલના સત્તાધીશોએ સોમવારે એક કટોકટી બેઠક યોજી હતી, અને ગરમીનો સામનો કરવા તેમજ આરોગ્યના જોખમોને ઘટાડવા માટે પહેલ શરૂ કરી હતી. તાપમાનમાં વધારા સામે સરકારે આ વર્ષે સ્થપાયેલી નવી સિસ્ટમ હેઠળ રાજધાનીમાં પ્રથમ વખત ગંભીર હીટ વેવની ચેતવણી આપી છે. નર્સો સૌથી વધુ સંવેદનશીલ ગણાતા 63,000થી વધુ રહેવાસીઓની તપાસ કરી રહી છે, જેમાં વૃદ્ધો અને વિકલાંગતા અથવા ક્રોનિક બીમારીઓ ધરાવતા લોકો સામેલ છે.

સિઓલમાં વધતી શહેરી ગરમીને ઘટાડવાના પ્રયાસરૂપે, 200 ટ્રકોનો કાફલો લગભગ 2,000 કિલોમીટરના રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરી રહ્યો છે. આ ટ્રકો સૌથી વધુ સમસ્યાવાળા વિસ્તારોમાં દિવસમાં છ વખત કામ કરી રહી છે. સિઓલના પગપાળા મુસાફરો સવારના વહેલા કલાકોમાં પણ સીધા સૂર્યપ્રકાશથી બચીને છાંયડાવાળા વિસ્તારોમાંથી કામ પર જઈ રહ્યા છે. અન્ય લોકો શહેરમાં મિસ્ટ-સ્પ્રે ઝોન હેઠળ રાહત મેળવી રહ્યા છે. બીજી તરફ, ઉત્તર ગ્યોંગસાંગ પ્રાંતના અધિકારીઓ લાઉડસ્પીકરથી સજ્જ ડ્રોન ઉડાડીને સુરક્ષા સંદેશાઓ પ્રસારિત કરી રહ્યા છે. ડ્રોન ઉનાળાની રજાઓમાં લોકોથી ભરેલા વિસ્તારોમાં થર્મલ ઈમેજિંગ કેમેરાનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

## યુદ્ધ રોકવા માટે આ છેલ્લી તક, નહીંતર વિનાશ નક્કી!, ટ્રમ્પનું ઈરાનને અલ્ટિમેટમ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે નવી વાટાઘાટોને "છેલ્લી તક" ગણાવી છે. તેમણે હોર્મુઝની ખાડી ખોલવા અને પરમાણુ કાર્યક્રમ અંગે 1-2 દિવસમાં બેઠકો શરૂ થવાની અપેક્ષા વ્યક્ત કરી. જોકે, ઈરાને આ દાવાઓને ફગાવતાં અમેરિકા સાથે કોઈ સત્તાવાર વાતચીત નકારી છે. હાલ ઈરાન ઓમાન સાથે કામચલાઉ માર્ગ માટે ચર્ચા કરી રહ્યું છે, જ્યારે સાઉદી અરેબિયાની મધ્યસ્થીથી ટ્રમ્પે ઈરાન પરના હુમલા રદ કર્યા હતા.



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે સ્પષ્ટ કર્યું છે કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે નવી વાટાઘાટો એ ઈરાન માટે કોઈ નક્કર કરાર કરવા અને દેશ પરના અમેરિકી સૈન્ય હુમલાઓનું જોખમ અટકાવવા માટેની "છેલ્લી તક" છે. ટ્રમ્પે પત્રકારો સમક્ષ દાવો કર્યો હતો કે હોર્મુઝની ખાડી ફરી ખોલવા અને પરમાણુ કાર્યક્રમ અંગેની અમેરિકી ચિંતાઓ દૂર કરવા માટે આગામી 1 કે 2 દિવસમાં બેઠકો શરૂ થવાની પૂરી અપેક્ષા છે. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રક્રિયાના મુખ્ય બે તબક્કા રહેશે.

## ગુજરાત યુનિવર્સિટીના વહીવટી તંત્ર સામે સવાલ, ક્લાર્ક પરીક્ષાનું મુખ્ય પરિણામ ત્રણ મહિનાથી અદ્ધરતાલ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુનિયર અને સિનિયર ક્લાર્ક પદની મુખ્ય પરીક્ષાનું પરિણામ 3 મહિના વિત્યા છતાં જાહેર ન થતાં ઉમેદવારોમાં ભારે રોષ છે. 15 માર્ચ 2026ના રોજ લેવાયેલી પ્રાથમિક પરીક્ષાનું પરિણામ 23 દિવસમાં આવ્યું હતું, જ્યારે 30 એપ્રિલ 2026ની મુખ્ય પરીક્ષાનું પરિણામ હજુ સુધી પણ ન આવતા યુનિવર્સિટીની કાર્યપદ્ધતિ પર સવાલો ઊભા થયા છે.



ગુજરાત યુનિવર્સિટી દ્વારા જુનિયર અને સિનિયર ક્લાર્ક પદની મુખ્ય પરીક્ષાનું પરિણામ લેવાયાને ત્રણ મહિના વીતી ગયા હોવા છતાં જાહેર ન થતાં ઉમેદવારોમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. પ્રાથમિક પરીક્ષાનું પરિણામ માત્ર 23 દિવસમાં જાહેર કરનાર યુનિવર્સિટી તંત્ર મુખ્ય પરીક્ષાના પરિણામ મામલે કેમ આટલી ઢીલાશ દાખવી રહ્યું છે, તે મોટો પ્રશ્ન બન્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં જુનિયર અને સિનિયર ક્લાર્ક સહિતના વિવિધ સંવર્ગોની જગ્યાઓ ભરવા માટે ગત 15 માર્ચ 2026ના રોજ MCQ આધારિત OMR પદ્ધતિથી પ્રાથમિક કસોટી યોજાઈ હતી. આ પરીક્ષામાં લાખો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નોંધનીય છે કે, આટલી મોટી સંખ્યામાં ઉમેદવારો હોવા છતાં યુનિવર્સિટીએ ઝડપી કામગીરી કરી માત્ર 23 દિવસમાં એટલે કે 8 એપ્રિલ 2026ના રોજ પ્રાથમિક પરીક્ષાનું પરિણામ જાહેર કરી દીધું હતું. ત્યારબાદ, ટૂંકા ગાળામાં જ 30 એપ્રિલ 2026ના રોજ મુખ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે હકારાત્મક પગલું હતું. પ્રાથમિક પરીક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારોને બાદ કરતા મુખ્ય પરીક્ષામાં ઉમેદવારોની સંખ્યા ખૂબ જ ઓછી હતી. વળી, મુખ્ય પરીક્ષાની પદ્ધતિ પણ સંપૂર્ણપણે MCQ આધારિત OMR જ હતી. આમ છતાં, પરીક્ષા પૂર્ણ થયાને ત્રણ મહિના કરતાં પણ વધુ લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પરિણામ જાહેર કરાયું નથી.

## ‘માફ કરવાનો હક કોણે આપ્યો?’, PM મોદીના નિવેદન મામલે રાહુલ ગાંધીના પ્રહાર



દિલ્હીમાં 'વાઈકો ઈન પાર્લામેન્ટ' પુસ્તક વિમોચન પ્રસંગે રાહુલ ગાંધીએ PM મોદી અને RSS પર આકરા પ્રહારો કર્યા. તેમણે PMના 'માફ કરવા'ના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, PMને ભારતના ભવિષ્યને માફ કરવાનો અધિકાર કોણે આપ્યો? વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં છે અને શિક્ષણ વ્યવસ્થા યોગ્ય નથી, ત્યારે આવા નિવેદનો અયોગ્ય છે. રાહુલ ગાંધીએ સંઘની વિચારસરણીને પણ ખતરનાક ગણાવી.

દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે 'વાઈકો ઈન પાર્લામેન્ટ' નામના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને RSS પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ વડાપ્રધાનના તાજેતરના નિવેદન સામે સવાલો ઉઠાવતા દેશમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે. દેશ અત્યારે એક વિચિત્ર સમયમાંથી પસાર થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ રસ્તા પર છે અને ખૂબ જ તકલીફમાં છે. તેઓ પરીક્ષાઓમાં નિષ્પક્ષતા અને એક એવી શિક્ષણ વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે જે યોગ્ય રીતે કામ કરે, પરંતુ બીજી તરફ આપણા વડાપ્રધાન તેમને માફ કરી રહ્યા છે.'

પીએમ મોદીના નિવેદન સામે સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તેમને આ વિચાર ક્યાંથી આવ્યો કે તેમને ભારતના ભવિષ્યને માફ કરવાનો હક છે, મને નથી ખબર, પરંતુ તેઓ એ જ કરવા માંગે છે.'

## શેખ હસીનાના નવી દિલ્હીમાં થનારા વર્ચ્યુઅલ ભાષણ સામે બાંગ્લાદેશનો વાંધો: ભારત પાસે માગી સ્પષ્ટતા!


બાંગ્લાદેશે ભારતમાં દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના વર્ચ્યુઅલ સંબોધન અંગે ભારતની સ્થિતિ સ્પષ્ટ કરવા વિનંતી કરી છે. 5 ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબના કાર્યક્રમમાં હસીના વીડિયો લિંક દ્વારા સંબોધન કરશે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ દ્વિપક્ષીય સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. ઢાકા હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરી રહ્યું છે, જેઓ ઑગસ્ટ 2024થી ભારતમાં આશ્રય લઈ રહ્યા છે.



બાંગ્લાદેશે ભારતના નવી દિલ્હીથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આયોજિત વર્ચ્યુઅલ સંબોધન પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા ભારતને અનુરોધ કર્યો છે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે કોઈ ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ ચલાવવાથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નુકસાન થઈ શકે છે. હસીના આગામી 5 ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબ દ્વારા યોજાનાર એક કાર્યક્રમમાં વીડિયો લિંક દ્વારા સંબોધન કરવાની છે. જે તેમની સરકારને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થી આંદોલનની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે.

## ધોરણ 9માં 3 ભાષાની નીતિ ફરજિયાત ન કરવી: સુપ્રીમ કોર્ટમાં CBSEની પોલિસી વિરુદ્ધ અરજી

સુપ્રીમ કોર્ટમાં CBSEની ધોરણ-9ની ત્રણ ભાષા નીતિ સામે અરજીઓ પર સુનાવણી થઈ. અરજદારોના વકીલ ગોપાલ શંકર નારાયણે તાત્કાલિક સુનાવણીની માંગ કરી. તેમણે જણાવ્યું કે, ઘણી શાળાઓમાં પસંદ કરેલી ભાષાના શિક્ષકો કે પુસ્તકો નથી. બંગાળમાં વિકલ્પો હોવા છતાં શિક્ષકો નથી. આ નીતિ 2030માં લાગુ થવાની હતી, પરંતુ વહેલા લાગુ થતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. CJIએ આવતીકાલે સુનાવણીનું આશ્વાસન આપ્યું.



સીબીએસઈના ધોરણ-9ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષા નીતિ ફરજિયાત કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાન્તની અધ્યક્ષતા વાળી પીઠ સમક્ષ અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે આ મામલે ઝડપથી સુનાવણી કરવાની માંગ કરી હતી. વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, આ કેસ બુધવારે સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેને યાદીમાંથી હટાવી દેવાયો હતો. તેમણે કહ્યું કે આ મામલે તાત્કાલિક સુનાવણીની જરૂર છે કારણ કે ઘણા વિદ્યાર્થીઓ એવી ભાષા ભણવા મજબૂર છે જેના માટે તેમની શાળાઓમાં પૂરતી વ્યવસ્થા નથી.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે કોર્ટને જણાવ્યું હતું કે, ઘણા બાળકોને તે ભાષા નથી ભણાવવામાં આવી રહી જે તેમણે પસંદ કરી હતી. બાળકો માટે પુસ્તકો અને શિક્ષકો પણ ઉપલબ્ધ નથી. આ વ્યવસ્થા ધોરણ 5-8 અને ધોરણ 8-10 માટે છે. વિદ્યાર્થીઓ કોઈપણ શિક્ષક કે પુસ્તકો વિના ક્લાસરૂમમાં બેસી રહ્યા છે.

## NEET આંદોલન સફળ રહ્યા બાદ કોકરોચ જનતા પાર્ટીનો નવો પ્લાન! દેશભરમાં 'લિસનિંગ ટૂર' યોજવાની જાહેરાત



કોકરોચ જનતા પાર્ટી (CJP) NEET પેપર લીક આંદોલનની સફળતા બાદ, યુવાનો સાથે જોડાવા દેશવ્યાપી 'લિસનિંગ ટુર' કરશે. ભવિષ્યની રણનીતિ નક્કી કરવા બુધવાર-ગુરુવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં 2 દિવસીય બેઠક યોજાશે. CJP સ્થાપક અભિજીત દીપકે, પ્રવક્તાઓ અને સંગઠનના નેતાઓ ઉપસ્થિત રહેશે. આ ઝુંબેશ CJPના રાજકીય માળખાને આકાર આપશે.

કોકરોચ જનતા પાર્ટી (CJP) ભવિષ્યના રોડમેપને આખરી ઓપ આપવા માટે બુધવાર અને ગુરુવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં બે દિવસીય વ્યૂહાત્મક બેઠક યોજશે. જેમાં CJPના સ્થાપક અભિજિત દીપકે, પ્રવક્તાઓ અને સંગઠનાત્મક નેતાઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેશે. કોકરોચ જનતા પાર્ટી (CJP) એ NEET પેપર લીક સામેના પોતાના આંદોલનની સફળતા બાદ સમગ્ર ભારતમાં યુવાનો સાથે જોડાવા માટે દેશવ્યાપી લિસનિંગ ટુર (Listening Tour) ની યોજનાઓની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરવામાં આવેલા એક નિવેદનમાં, સંગઠને ભવિષ્યની રણનીતિ નક્કી કરવા માટે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં બુધવાર અને ગુરુવારે બે દિવસીય બેઠકની જાહેરાત કરી છે. CJP સ્થાપક અભિજિત દીપકે, પ્રવક્તાઓ અને સંગઠનાત્મક નેતાઓ આ બેઠકમાં હાજરી આપશે. પાર્ટીના જણાવ્યા અનુસાર, જંતર-મંતર આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવનારા આશરે 50 સ્વયંસેવકો સહિત વિવિધ ભાગીદારો સાથે દિવસો સુધી ચાલેલી ચર્ચા વિચારણા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**વલસાડ બ્યુરો**

વલસાડની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

સંદીપ ડી. પટેલ - 63553 97949

204, બીજો માળ, રામકુટીર એપાર્ટમેન્ટ, હનુમાનજી મંદીર પાસે, સબપોસ્ટ ઓફીસ ગલી, છીપવાડ, વલસાડ, તા.જી. વલસાડ

**બીલીમોરા કાર્યાલય**

બીલીમોરાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ભદ્રેશ કુમાર રાણા - 9898086710

વખારિયા બંદર રોડ બંગાલી મીલ સામે બીલીમોરા

**આહવા કાર્યાલય**

આહવા-ડાંગસાપુતારાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

અમિત ચાવડા-90232 56119

ચંદ્રકલા પ્રોવિઝન સ્ટોર સાઈ બજાર, સાપુતારા, ડાંગ

**બારડોલી કાર્યાલય**

સુરત તેમજ તાપી જિલ્લાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ધર્મેશ કંસારા - 76983 97507

303,સીટી સેન્ટર, સરદાર મ્યુઝિયમની સામે, સ્ટેશન રોડ, બારડોલી



# ઉકાઈ જળાશય કિનારેથી બિનવારસી ‘જીલેટીનના ગોડાઉન’ મુદ્દે ફોજદારીમાં વિલમ્બ કેમ?

**૨૦ વર્ષથી ચાલતી ગુન્હાહીત બેદરકારીની ‘લાઈવ સર્જિકલ સ્ટ્રાઈક’: કલેક્ટર દેવ ચૌધરીની ટીમે દરોડો પાડી સિસ્ટમની શર્મનાક ‘લાવારીસ’ હાલત ઉઘાડી પાડી, હજુ ૪ ગોડાઉનો પર ત્રાટકવાનું બાકી! ગરીબ આદિવાસીઓને જેલના સળિયા પાછળ ધકેલી કરોડો કમાતા ‘મોટા મગરો’ને બચાવવાનો કારસોઃ પોલીસ, ખાણ-ખનિજ અને પ્રદૂષણ બોર્ડની પાપની ભાગીદારી!**



## ચોટીલા મોડેલ અપનાવો, લાઈવ વિડીયો શૂટ કરો

વ્યારા: ગયા વર્ષે સુરેન્દ્રનગરના ચોટીલામાં જ્યારે પ્રાંત અધિકારીએ દરોડો પાડ્યો હતો, ત્યારે તેમણે રૂ. ૬૭ લાખનો અબિન-હિસાબી વિસ્ફોટક જથ્થો પકડ્યો હતો. પણ સાચો ખેલ એ હતો કે તેમણે આખી તપાસનું 'લાઈવ વીડિયો રેકોર્ડિંગ' કરાવ્યું હતું! પરિણામે, એકપણ ભ્રષ્ટ અધિકારી કે માથાભારે ગોડાઉન માલિક પુરાવા સાથે ચેડાં કરી શક્યો નહોતો. તાપી જિલ્લાના વ્યારા, સોનગઢ અને ઉકાઈના તમામ ગોડાઉનોમાં પણ જો ચોટીલા મોડેલ મુજબ વીડિયો કેમેરા સામે સીલ મારીને સ્ટોક રજિસ્ટર ચકાસવામાં આવે, તો કરોડો રૂપિયાની હપ્તાખોરી અને આંતરરાજ્ય વિસ્ફોટક રેકેટનો પર્દાફાશ થશે! માત્ર કાગળ પરની ચોપડી તપાસથી કંઈ નહીં વળે, અહીં તો 'લાઈવ સર્જિકલ ઓડિટ' જ જોઈશે.

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વ્યારા**

છેલ્લા ૨૦-૨૦ વર્ષથી તાપી જિલ્લો જેમાં વ્યારાના બેડકુવા હોય, સોનગઢનો અત્યંત સંવેદનશીલ દુમદા-કિલ્લો હોય, કુકડઝર હોય કે પછી ઉકાઈના મોઢા પાછળ આવેલું ચચરબુંદા- આ આખા પટ્ટામાં જીલેટીન અને ભયાનક વિસ્ફોટકોના લાવારીશ ગોડાઉનો કાયદાની, સુરક્ષાની અને સરકારી નિયમોની એવી તો ધજાગરા ઉડાડી રહ્યા છે કે જોઈને કોઈ પણ સાચો નાગરિક કાંપી ઊઠે! હજુ તાપી જિલ્લામાં થોડાક દિવસ પહેલા પહેલીવાર એક એવી ઘટના બની, જેણે સ્થાનિક ભ્રષ્ટ અધિકારીઓના પેટમાં તેલ રેડ્યું છે. જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીએ ખાખી કે ખાદીની શરમ રાખ્યા વગર કડક ઓર્ડર છૂટો કર્યો અને નાયબ કલેક્ટર ડૉ.એસ.જે.ગાયકવાડ તથા ઉકાઈ મામલતદાર એચ.વી.દુધાતની ટીમે ચચરબુંદા ખાતે વિસ્ફોટકોના ગોડાઉન પર ત્રાટકીને ‘સર્જિકલ સ્ટ્રાઈક’ કરી દીધી! જે ગોડાઉનમાં આખા વિસ્તારને ભસ્મીભૂત કરી નાખે એટલો જીલેટીનનો જથ્થો પડ્યો હતો, ત્યાં નહોતી કોઈ પ્રોટેક્શન વોલ, નહોતી કોઈ સેફ્ટી વોલ, કે નહોતો એકેય હથિયારધારી સિક્યુરિટી ગાર્ડ! ગોડાઉન સાવ ‘લાવારીસ’ હાલતમાં ખુલ્લા આકાશ નીચે રઝળતું હતું! વિચાર કરો, આ એ ઉકાઈ જળાશયનો નજીકનો વિસ્તાર છે જે રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ 'રેડ ઝોન' ગણાય. જ્યાં ૨૪ કલાક કડાકાર્ડ સુરક્ષા હોવી જોઈએ, ત્યાં એક નાની ચિનગારી પણ ચાંપી હોત તો સમગ્ર તાપી જિલ્લો અને આજુબાજુનો સો કિલોમીટરનો વિસ્તાર નકશામાંથી ગાયબ થઈ ગયો હોત! કલેક્ટર વહીવટીતંત્રની આ કામગીરી ચોક્કસ સલામ કરવા યોગ્ય છે, પણ જરા ઊભા રહો... આ તો માત્ર હિમશિલાની અણી છે! અંદર ચોપડાઓમાં જે ગોલમાલ છે એ તો હજુ બહાર જ નથી આવી. સૂત્રો કહે છે કે હજુ પણ જિલ્લામાં ૩ થી ૪ આંકડાના ગોડાઉનો આવી જ રીતે મોતનો સામાન છુપાવીને ધમધમી રહ્યા છે. ચચરબુંદાથી પણ વધુ ભયાનક અને ચોંકાવનારો કાળો કારોબાર સોનગઢના સોનારપાડામાં ચાલી રહ્યો છે. માંડળથી પોખરણ જતા મુખ્ય રોડ પર, ગીરનાર સ્ટોન ક્વોરીની બિલકુલ સામે એકપણ સરકારી એન.ઓ.સી. કે પરવાનગી વગર જીલેટીનનાં વાહનોનું આખું પાર્કીંગ રાતોરાત ઊભું કરી દેવાયું છે! અહીં દિવસ-રાત નાના ટેમ્પામાં વિસ્ફોટકોની હેરાફેરી થાય તે મોટી સંખ્યામાં ઉભા રહે છે. સવાલ એ છે કે સ્થાનિક મામલતદાર, ખાણ-ખનિજ વિભાગ અને પોલીસ તંત્ર ચુપ કેમ છે? કે પછી આંખ આડે કાન કરવા માટેની ‘મલાઈ’ તેમના સુધી પહોંચી રહી છે? સ્ટોન ક્વોરીઓમાં કેટલું જીલેટીન આવે છે, કેટલું વપરાય છે અને કેટલું ચોપડે બતાવાય છે- એનો કોઈ જ હિસાબ પારદર્શી નથી. ખેતરોના કૂવા, ચેકડેમ અને અંડરબ્રિજના ખોદકામના નામે કાળબજારમાં જીલેટીન વેચાય છે. તપાસના નામે નાટક એવું થાય છે કે વાર-તહેવારે બે-ચાર ગરીબ, નિર્દોષ આદિવાસીઓને જીલેટીનની છડીઓ સાથે પકડીને જેલમાં ધકેલી દેવાય છે. પરંતુ, જે ગોડાઉન માલિકો અને કાળા કારોબારના ‘આકાઓ’ કરોડો રૂપિયા છાપે છે, તેમના વાળને પણ આંચ નથી આવતી! નાના માછલાઓને ફસાવીને મોટા મગરોને બચાવવાનો આ કૂટનીતિભર્યો ખેલ હવે પ્રજા સમજી ગઈ છે. વિસ્ફોટક કાયદા મુજબ સેફ્ટી વોલ, ૨૪ કલાક હથિયારધારી ગાર્ડ, ફાયર સેફ્ટી અને સીસીટીવી વગર ગોડાઉનની મંજૂરી જ ન મળે. તો પછી દર વર્ષે આંખો બંધ કરીને આ લાવારીસ ગોડાઉનોના લાયસન્સ રિન્યુ કરવાની ફાઈલ પર કયા અધિકારીઓ પોતાની સહીઓ મારે છે? ઉકાઈ ડેમ જેવો રાષ્ટ્રીય સુરક્ષા માટે અત્યંત મહત્વનો પ્રોજેક્ટ જેના માથા પર છે, તેવા વિસ્તારમાં ટનબંધ વિસ્ફોટકો ખુલ્લામાં રઝળે એ દેશદ્રોહથી કમ નથી! જો કેન્દ્રીય એજન્સીઓ અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ રચાઈને આની ઊંડી તપાસ નહીં થાય, તો તાપી જિલ્લો કોઈ ભયાનક માનવસર્જિત હોનારતનો ભોગ બનશે એ નક્કી છે!

# બીલીમોરાના કિન્નર સમાજ દ્વારા ઉડાચના પૂરપીડિતોને ૭૦ થી વધુ રાશન કિટનું વિતરણ

**પૂરના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-બીલીમોરા**

ગણદેવી તાલુકામાં ગત સપ્તાહે પડેલા અતિભારે વરસાદને કારણે સદીનું સૌથી ભયાવહ અને વિનાશક પૂર આવ્યું હતું. પૂરના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું, ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે અનેક પરિવારો બેઘર બન્યા હતા અને ખાવા-પીવાની ચીજવસ્તુઓની ભારે અછત સર્જાઈ હતી. આવી કુદરતી આપદા અને મુશ્કેલીની ઘડીમાં બીલીમોરા વિસ્તારના મૌસી (કિન્નર) સમાજે આગળ આવીને માનવતાની મિસાલ કાયમ કરી છે. પૂર પીડિત પરિવારોની આંતરડી ઠારવા માટે ગુરુજી સુમન કુંવરના આશીર્વાદ સાથે વૈશાલી કુંવર (વિશુ માસી) તથા તેમના સાથીઓએ માનવીય અનુકંપા દાખવી હતી. પૂર બાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉડાચ ગામે મદદનો હાથ લંબાવ્યો હતો. બીલીમોરાના મૌસીઓ દ્વારા ઉડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના પૂરપીડિત પરિવારોને ૭૦ જેટલી રાશન કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં લોટ, ચોખા, દાળ, તેલ, સાબુ અને વિવિધ મસાલા જેવી દૈનિક વપરાશની અત્યંત આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. જે સમયે લોકો કુદરતી હોનારતથી હબકી ગયા હતા, તેવા સમયે મૌસી (કિન્નર) સમાજે સામે ચાલીને પીડિતોના આંસુ લૂછવાનું અને તેમના મુખ પર સ્મિત લાવવાનું ઉમદા કાર્ય કર્યું છે. ઉડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના રહીશોએ આ માનવીય સહાય બદલ વૈશાલી કુંવર (વિશુ માસી) અને સમગ્ર કિન્નર સમાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાજમાં જ્યારે પણ આવી સ્થિતિ સર્જાય છે ત્યારે મૌસી સમાજનો આ પ્રેમ અને કરુણાસભર અભિગમ ખરેખર વંદનીય અને પ્રેરણાદાયી છે.



તસ્વીર ભદ્રેશ રાણા, બીલીમોરા

# ડુમસથી ભીમપોર દરિયાકાંઠે ટાસ્ક ફોર્સનું કોસ્ટલ પેટ્રોલિંગ, શંકાસ્પદ સ્થળો-બોટોની ચકાસણી

**રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને ઘુસણખોરી રોકવા સર્ચ ઓપરેશન; મરીન કમાન્ડોઝે દરિયાકાંઠે ફૂટ પેટ્રોલિંગ કરી સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવી**

**સુરત**

દેશની દરિયાઈ સરહદોની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને કોઈપણ પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા 3 ઓગસ્ટ, 2026ના રોજ સુરતના ડુમસ બીચથી ભીમપોર ગામ તથા તેની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન કોસ્ટલ પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મરીન ટાસ્ક ફોર્સના એડીજીપી અમિત વિશ્વકર્મા, ડીઆઈજીપી એ. એમ. મુનિયા તેમજ મરીન ટાસ્ક ફોર્સ-હજીરાના પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર એસ. જે. પરમારના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એમ. જાંબુકીયા, પીએસઆઈ બી. આર. તડવી, પીએસઆઈ એસ. બી. પટેલ અને મરીન કમાન્ડોઝની અલગ-અલગ ટીમોએ સમગ્ર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. ઓપરેશન દરમિયાન દરિયાકાંઠાના અવાવરુ વિસ્તારો, ઝાંડી-ઝાંખરા તેમજ સંભવિત છુપાવવાના સ્થળોની સઘન તપાસ કરવામાં આવી હતી. કમાન્ડોઝે દરેક સંવેદનશીલ સ્થળે ચેકિંગ કરીને સુરક્ષાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. દરિયાઈ માર્ગે થતી ગુનાખોરી, દાણચોરી અને ઘૂસણખોરીને રોકવાના હેતુથી કિનારે લાંગરેલી તેમજ શંકાસ્પદ જણાતી બોટોની ઓન-સ્પોટ ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત વિસ્તારમાં ફરતા શંકાસ્પદ ઈસમોને અટકાવી તેમની પૂછપરછ પણ કરવામાં આવી હતી.



# પૂરગ્રસ્તોના પડખે નવનાથ ધામઃ ગામોમાં જઇ અનાજ કિટ-સાડીનું વિતરણ કર્યું

**મા વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી 50 હજારથી વધુ ફૂડ પેકેટનું વિતરણ; ભાઠા ગામમાં 300 પરિવારોને નિઃશુલ્ક અનાજ કિટ અપાઈ**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-બીલીમોરા**

છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે બીલીમોરા શહેર તથા ગણદેવી તાલુકાના અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. આવી વિકટ પરિસ્થિતિમાં શ્રી નવનાથ ધામ, બીલીમોરાના પરમ પૂજ્ય શ્રી છોટેદાદાના માર્ગદર્શન હેઠળ સંચાલિત મા વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા સતત રાહત અને માનવસેવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી માં અસરગ્રસ્ત ગામોમાં 50,000થી વધુ ફૂડ પેકેટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. આ રાહતસેવાના અનુસંધાનમાં પ. પૂ. શ્રી છોટેદાદા સ્વયં અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા અને સેવાકાર્યમાં સહભાગી બની પ્રભાવિત પરિવારોને આશ્વાસન આપ્યું હતું તથા અનાજ કીટ તથા સાડી નું વિતરણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું ગુરુદેવ બ્રહ્મલીન પૂજ્ય સાનેદાદા ની 108 મી જન્મ જયંતી નિમિત્તે આજે ભાઠા ગામના ઘોડા ફળિયા અને વાંગરી ફળિયામાં આશરે 300 જેટલી અનાજ કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. નવનાથ ધામ બહુજન હિતાય અને બહુજન સુખાય ના સિધ્ધાંત થી સતત સેવા કરી રહ્યું છે અને સેવા જ સાચો ધર્મ છે અને સંકટની આ ઘડીમાં કોઈપણ જરૂરિયાતમંદ પરિવાર ભૂખ્યો ન રહે તે માટે ટ્રસ્ટ સતત કાર્યરત રહેશે. આ સમગ્ર સેવાકાર્યમાં ટ્રસ્ટના કાર્યકરો, સ્વયંસેવકો, દાતાશ્રીઓ તથા સ્થાનિક આગેવાનોએ સક્રિય સહયોગ આપ્યો હતો. સ્થાનિક લોકોએ પણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહેલી અવિરત માનવસેવાને બિરદાવી પૂજ્ય શ્રી છોટેદાદા તથા મા વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



તસ્વીર ભદ્રેશ રાણા, બીલીમોરા

**અસીબી ફ્રેમ કાર્યપાલક ગણેશવાલાના ઉઘરાણી કલાર્ક**

# પરવાના પઠાણ સામે વધુ અક ૩.૫૦ લાખની ખંડણીનો ગુનો દાખલ

**લાજપોર જેલમાં રહેલા પરવાના પઠાણે વેપારીને મકાન તોડાવી નાંખવાની ધમકી આપી ૬ લાખની માંગણી કરી ૩.૫૦ લાખમાં પડાવ્યા હતા.**

**સુરત**

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના પૂર્વ કાર્યપાલક ઈજનેર ગણેશવાલા સાથે લાંચના ગુનામાં લાજપોર જેલમાં ધકેલાયેલા પરવાના પઠાણ સામે વધુ એક ૩.૫૦ લાખની ખંડણીનો ગૂનો નોધાયો છે. પરવાનાએ લિંબાયતમાં વેપારીને તેનું મકાન તોડાવી નાંખવાની ધમકી આપી ૬ લાખની માંગણી કર્યા બાદ ૩.૫૦ લાખ પડાવી લોખંડના સળિયાથી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ બુદ્ધ સોસાયટી, હનુમાન ડેરી નજીક લિંબાયત ખાતે રહેતા અને વેપાર ધંધા સાથે સંકળાયેલા મુસ્તાક શબ્બીર ખટિક (ઉ.વ.૩૫)એ ડિસેમ્બર ૨૦૨૫ માં મકાનનું બાંધકામ શરુ કર્યું હતું તે વખતે મકાનના બાંધકામ પાલિકા દ્વારા તોડાવવામાં ન આવે તે માટે આરોપી મોહંમદ ઈસ્લામ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણે (રહે, ગુજરાત પત્રિકા, સંજયગાંધી નગર, સિલ્વર ડાંઈગ રોડ, ઉમરવાડા) તેમનો સાથે સંપર્ક કર્યો હતો. જાકે મુસ્તાક ખટિક દ્વારા વાત ન માનતા પાલિકાએ મકાનનું બાંધકામ તોડી પાડ્યું હતું. ત્યારબાદ મોહમંદ ઈસ્લામ ઉર્ફે પરવાનાએ તેમનું મકાન ન તોડાવવા માટે રૂ.૬ લાખની માંગણી કરી હતી. મુસ્તાક ખટિકે આટલી મોટી રકમ ચૂકવવાની અસમર્થતા દર્શાવતા આરોપી પરવાના પઠાણે લોખંડનો સળીયો ગળા પાસે રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ડરાવી-ધમકાવી સમાધાનના બહાને રૂપિયા ૩.૫૦ લાખ પડાવી લીધા હતા. બનાવ અંગે મુસ્તાક ખટિકની ફરિયાદને આધારે લિંબાયત પોલીસે મોહંમદ ઈસ્લામ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## ગેરકાયદે બાંધકામ તોડાવવાની ધમકી આપી રૂ.૪ લાખની ખંડણી માંગણી

**સુરત**

લિંબાયતમાં વેપારીને ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની અને જેલમાં મોકલી દેવાની ધમકી આપી ૪ લાખની ખંડણીની માંગણી કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોધાઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, ઉધના સ્થિત અંબાનગર સોસાયટીમાં રહેતા જુબેર ખલીઉલ્લા અંસારી (ઉ.વ.૩૦)એ ગોવિંદનગર સ્થિત ઉબેત ફોમ નામથી ખાતુ ધરાવે છે. દરમિયાન રઈસ એહમદ મોહંમદશફી શેખ (રહે,લિંબાયત) ૧૭ જુલાઈ ૨૦૨૬થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વારંવાર ઓ ફસે આવી તેમજ વોટ્સએપ કોલ કરીને સંપર્ક કરી ગોવિંદનગર વિસ્તારમાં આઈસા મસ્જિદ સામે આવેલા પ્લોટ નં. ૩૧૪ અને ૩૧૫ પર ચાલી રહેલું બાંધકામ ગેરકાયદે હોવાનું કહી, સુરત મહાનગરપાલિકા દ્વારા તે તોડી પાડવામાં આવશે તેમજ ગેરકાયદે બાંધકામના કેસમાં જેલમાં જવું પડશે તેવી ધમકી આપી તેમની પાસેથી બળજબરી પૂર્વક ૪ લાખ પડાવી લીધા હતા. પોલીસે રઈસ એહમદ શફી સામે ગુનો નોદી તપાસ હાથ ધરી છે.

# કેનેડા-વેસ્ટ આફ્રિકામાં રહેતા દંપતીને વીડિયો કોન્ફરન્સિંગથી છૂટાછેડા મળ્યા

**પાવર ઓફ એટર્નીમારફતે દાખલ કરાયેલા દાવામાં વર્ચ્યુઅલ જુબાનીના આધારે કોર્ટે મંજૂરી આપી**

**સુરત**

કેનેડામાં રહેતી યુવતી અને સીએરા લિઓન (વેસ્ટ આફ્રિકા) માં રહેતા યુવકના વીડિયો કોન્ફર્સિંગથી છૂટાછેડાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અલગ અલગ દેશોમાં રહેતા આ દપંતીએ પાવર ઑફ એટર્ની ધ્વારા છૂટાછેડાનો દાવો કર્યો હતો. જેના પર સુરત ફેમિલી કોર્ટે મંજૂરીની મ્હોર મારી છે. પ્રાપ્ત માહિતી મુજબ શહેરના મહીધરપુરા ખાતે રહેતા રાહુલના વર્ષ 2015 માં ઉત્રાણ ખાતે રહેતી સીમા (બંને પક્ષકારોના નામ બદલેલ છે) સાથે લગ્ન થયા હતા. દરમ્યાન બંને વચ્ચે મતભેદ થતાં તેઓ માર્ચ 2023 થી છૂટા પડી ગયા હતા. જેમાં પતિ સિએરા લિઓન (વેસ્ટ આફ્રિકા) અને પત્ની કેનેડા કામકાજ અર્થે જતા રહ્યા હતા, અને કાયમ માટે છુટા થવા બંનેએ પાવર ઓફ એટર્ની મારફતે અત્રેની કોર્ટમાં છુટાછેડાનો દાવો દાખલ કર્યો હતો. જેમાં પતિ તરફે એડવોકેટ દેવાંગ કંસારા અને પત્ની તરફે એડવોકેટ અશ્વિન જોગડિયાએ રજૂઆત કરી હતી. કોર્ટ કાર્યવાહી દરમ્યાન બંનેને વધુ પુરાવાના સ્ટેજ વખતે રૂબરૂ અથવા એમ્બેસી મારફતે હાજર રહી સોગંદનામુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. પરંતુ પક્ષકારોના એડવોકેટ કંસારા અને એડવોકેટ જોગડિયાએ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો સંદર્ભ આપી વૈવાહિક તકરારના કેસોમાં ડિજિટલ વિકલ્પ અપનાવી વિડિયો કોન્ફરસીંગ (વર્ચ્યુઅલ હાજરી) થી આગળની કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. જેના આધારે આ દંપતીએ વિડીયો કોન્ફર્સિંગથી જુબાની આપી હતી અને અંતે કોર્ટે છુટાછેડાનો દાવો મંજૂર કર્યો હતો. વધુમાં એડવોકેટ જોગડિયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં એપ્રિલ 2026 માં ઓસ્ટ્રેલિયા રહેતા પતિની જુબાની વિડિયો કોન્ફરસીંગથી લેવા બાબતે મહત્વનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો હતો. જેમાં કોર્ટે ટાંક્યું હતું કે, ટેકનોલોજી ન્યાયની દાસી બનવી જોઈએ, રસ્તાનો પથ્થર નહીં. તે સહેલી, સચોટ અને પક્ષકારો માટે સુલભ હોવી જોઈએ.

# ખટોદરામાં બે પેઢીના સંચાલકોને અકાઉન્ટન્ટે ૯૩.૨૩ લાખનો ચૂનો ચોપડ્યો

**સુરત**

ઉધના મગદલ્લા રોડ, જય હનુમાન ઈન્ડસ્ટ્રીઝ ઍસ્ટેટમાં આવેલ ખાતાના સંચાલકોની જાણ બહાર ઍકાઉન્ટન્ટે લાખો રૂપિયા ઉપાડી લેવાની સાથે પરત આવેલા માલ બારોબાર વેચાણ કરીને કુલ રૂપિયા ૯૩.૨૩ લાખનો ચુનો ચોપડ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા મામલો પોલીસમાં પહોચ્યો છે. ખટોદરા પોલીસના જણાવ્યા મુજબ, સરથાણા યોગીચોક સ્થિત તિરુપતિ સોસાયટીમાં રહેતી ક્રિષ્નાબેન હાર્દિકભાઈ વાડોદરિયા ઉધના મગદલ્લા રોડ, જય હનુમાન ઈન્ડસ્ટ્રીઝ ઍસ્ટેટમાં જય ગિરનારી ક્રિએશન ફર્મના નામે ખાતુ ધરાવે છે. તેમની ખાતા માં છેલ્લા દોઢ વર્ષથી ઍકાઉન્ટન્ટ તરીકે કેતન અશોકકુમાર ખત્રી (રહે. વિનાયકનગર રેસિડન્સી, ડીંડોલી) નોકરી કરતો હતો. દરમિયાન કેતન ખત્રીએ નોકરી દરમિયાન ગત તા. ૧ માર્ચ, ૨૦૨૪થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન પેઢીના ફર્મના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ઍચડીઍફસી બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧૭.૧૦ લાખ ઉપાડી જયારે રશ્મીન શાંતિભાઈ વેકરિયાની બાલ કૃષ્ણ ફેશનના બેંક ખાતામાંથી રૂ.૨૬.૦૫ લાખ ઉપાડી લીધા હતા. આ ઉપરાંત કેતન ખત્રીઍ બંને ફર્મોના વેચાણ બાદ પરત આવેલા માલ બરોબાર બહાર વેચી રૂપિયા ૫૦.૦૮ લાખનો આર્થિક લાભ મેળવ્યો હતો. આમ બેંક વ્યવહારો અને માલના વેચાણ મારફતે કુલ રૂપિયા ૯૩,૨૩,૮૯૮ની ઉચાપત કરી હતી બનાવ અંગે પોલીસે કેતન ખત્રી સામે ગુનો નોધી આગળ તપાસ હાથ ધરી છે.

# વ્યારા રિવરફ્રન્ટના જાહેર શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય, ચોમાસામાં રોગચાળાનો ભય

### અઠવાડિયા બજાર નજીક દુર્ગંધથી લોકો પરેશાન; તાત્કાલિક સફાઈ અને આરોગ્યલક્ષી પગલાંની ઉઠી માંગ







**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વ્યારા**

વ્યારા નગરપાલિકા હસ્તકના રિવરફ્રન્ટ વિસ્તારમાં આવેલા જાહેર શૌચાલયની હાલત અત્યંત દયનીય બની ગઈ હોવાનું સામે આવ્યું છે. શૌચાલયમાં અસહ્ય ગંદકી અને દુર્ગંધના કારણે લોકો માટે તેનો ઉપયોગ કરવો તો દૂર, નજીકથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. ચોમાસાની ઋતુમાં આવી સ્થિતિને કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ જાહેર શૌચાલય વ્યારાના મુખ્ય તાલુકા મથક તેમજ શહેરના સૌથી મોટા અઠવાડિયા બજાર નજીક આવેલું હોવાથી દરરોજ મોટી સંખ્યામાં વેપારીઓ, ગ્રામજનો અને મુસાફરો અહીં આવે છે. તેમ છતાં સ્વચ્છતાના અભાવે લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ખર્ચાતી હોવા છતાં જાહેર શૌચાલયોની નિયમિત અને અસરકારક સફાઈ કેમ થતી નથી? શું સફાઈ માત્ર કાગળ પર જ સીમિત છે કે પછી સફાઈ કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે? નાગરિકોએ વ્યારા નગરપાલિકાના ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી જાહેર શૌચાલયની સફાઈ, જંતુનાશક દવાનો છંટકાવ અને નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. સ્થાનિકોનું કહેવું છે કે ચોમાસામાં સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓને પ્રાથમિકતા આપવી અત્યંત જરૂરી છે, જેથી કોઈપણ પ્રકારના રોગચાળાને અટકાવી શકાય.

# ડાંગ જિલ્લા પંચાયતમાં નવી સમિતિઓના ચેરમેનોનું પદગ્રહણ, વિકાસને નવી દિશા મળશે

### વિવિધ સમિતિઓના નવા ચેરમેનોએ કાર્યભાર સંભાળ્યો; જનકલ્યાણ અને વિકાસલક્ષી યોજનાઓને ગતિ આપવાનો સંકલ્પ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ડાંગ**



તસ્વીર :- પ્રદીપ રાઉત, ડાંગ

ડાંગ જિલ્લા પંચાયતમાં આજ રોજ વિવિધ સમિતિઓના ચેરમેનોએ વિધિવત રીતે પદગ્રહણ કરી પોતાની નવી જવાબદારીઓનો કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, સભ્યો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પદગ્રહણ કરનાર ચેરમેનોમાં બાંધકામ સમિતિના ચેરમેન તરીકે ચંદ્રકલા બહેન ગાવિત, કારોબારી સમિતિના ચેરમેન તરીકે યોગિતા બહેન પવાર, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સુંદર બહેન ચૌધરી, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે દિનેશભાઈ હિલીમ, સિંચાઈ સમિતિના ચેરમેન તરીકે જીતેન્દ્રભાઈ પવાર, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે કમળાબેન રાઉત તેમજ શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે શંકરભાઈ પવારએ વિધિવત પદગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ તમામ નવા ચેરમેનોને શુભેચ્છાઓ પાઠવી હતી અને જિલ્લા વિકાસ, જનકલ્યાણ તથા વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સૌએ સમર્પિત ભાવનાથી કાર્ય કરવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. પદગ્રહણ સમારોહ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો અને નવા ચેરમેનોએ પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

# દલખાણીયામાં 'પંચવટી વન'નું લોકાર્પણ, પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને પ્રેરણા

### ગૌ આધારિત જીવામૃત સાથે વૃક્ષારોપણ, સેમિનારમાં રસાયણમુક્ત ખેતી અને મૂલ્યવર્ધન અંગે અપાયું માર્ગદર્શન



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-નવસારી**

દલખાણીયા ગામે સ્વ. શાંતાબેન સુખડિયા અને સ્વ. દેવજીભાઈ સુખડિયાના સ્મરણાર્થે ખોડિયાર મંદિરથી પી.એચ.સી. સુધી કોડીનાર સ્ટેટ હાઈવેની બંને બાજુ "પંચવટી વન" અંતર્ગત દેવજી વાટિકા અને શાંતા વાટિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું. પ્રાકૃતિક યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડો. સી. કે. ટીંબડીયાના હસ્તે અર્જુન, સાદડ, બીલી, વડ, લીંબડો અને પીપળા સહિતના વૃક્ષોનું ગૌ આધારિત જીવામૃત સાથે વાવેતર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દલખાણીયા પ્રાથમિક શાળામાં પ્રાકૃતિક ખેતી અંગે સેમિનાર યોજાયો. ડો. સી. કે. ટીંબડીયાએ ગૌ આધારિત જીવામૃત, ઘનજીવામૃત, જમીનની જૈવિક ઉર્વરતા, ઉપયોગી જીવાણુઓ તથા રસાયણમુક્ત ખેતીના લાભો અંગે ખેડૂતોને વૈજ્ઞાનિક માહિતી આપી. પ્રાકૃતિક ખેતી કોલેજના આચાર્ય સ્વપ્નિલ, પ્રવિણભાઈ આડોદરિયા અને કનુભાઈ સુખડિયાએ પ્રાકૃતિક ખેતી તેમજ તેના ઉત્પાદનના મૂલ્યવર્ધન અને બજાર વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ધારીના આર.એફ.ઓ. કિશોરભાઈ રામાણી, પ્રાધ્યાપક કિશન માસોલિયા, ભરતભાઈ અંટાળા, જયસુખભાઈ કસાવાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ સુખડિયાએ દલખાણીયાને પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર બનાવવા અને ખેડૂતોની પેદાશના વેચાણમાં સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રાથમિક શાળાના આચાર્ય હેમલ જયસ્વાલે કર્યું હતું. આશરે ૨૦૦ થી ૩૦૦ ખેડૂતોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમના અંતે સ્વ. શાંતાબેન સુખડિયા અને સ્વ.દેવજીભાઈ સુખડિયાના સ્મરણાર્થે મૌન પાળી સૌએ પ્રાકૃતિક ખેતીના પ્રસારનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# આહવામાં કોઝવેની નીચે નવનિર્મિત નાળાનું કામ શંકાના ઘેરામાં; ભ્રષ્ટાચારની આશંકા

### નિકોએ ઉઠાવ્યા ઉપયોગિતા અને ગુણવત્તા અંગે સવાલો; તંત્ર પાસે નિષ્પક્ષ તપાસની માંગ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ડાંગ આહવા (ડાંગ)**

ડાંગ જિલ્લાના આહવા તાલુકાની ગાડવિહર ગ્રામ પંચાયત વિસ્તારમાં કારડીયા આંબા-ચિંચધરા ગામ વચ્ચે કોઝવેની નીચે ચાલી રહેલા નવનિર્મિત નાળાના કામને લઈને સ્થાનિકોમાં અનેક સવાલો ઊભા થયા છે. સ્થળ પર હજુ પણ લાકડાના ડંડા, પ્લેટો અને અન્ય બાંધકામ સામગ્રી જોવા મળતા કામ ચાલુ હોવાનું જણાઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જ્યાં નાળાનું કામ થઈ રહ્યું છે ત્યાંથી અંદાજે 10થી 15 મીટરના અંતરે મુખ્ય માર્ગ પર એક વર્ષ પહેલાં ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોટું કોઝવે બનાવવામાં આવ્યું હતું. હવે એ જ કોતરડામાં કોઝવેની નીચે નાળાનું બાંધકામ થતાં તેની જરૂરિયાત, ઉપયોગિતા અને લાંબા ગાળાની ટકાઉપણાને લઈને લોકોમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે. સ્થળની સ્થિતિ મુજબ નાળાની એક બાજુ ખાનગી ખેડૂતનો વાડો છે, જ્યારે બીજી બાજુ ગોલ્ડન ગર્લ્સ સરિતા ગાયકવાડનું કેમ્પસ આવેલું છે. સ્થાનિકોના કહેવા મુજબ હાલ ત્યાં કોઈ જાહેર રસ્તો નજરે પડતો નથી. તેથી આ નાળાનો ઉપયોગ કોણ કરશે અને ત્યાં પહોંચવા માટે માર્ગ કેવી રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે તે અંગે પણ ચર્ચા ચાલી રહી છે. વધુમાં, ચોમાસા દરમિયાન આ કોતરડામાં ભારે પાણીનો પ્રવાહ વહેતો હોવાથી નવા બાંધકામની સલામતી અને આયુષ્ય અંગે પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે આ કામની જરૂરિયાત અને સરકારી નાણાંના ઉપયોગ અંગે તપાસ થવી જોઈએ. જોકે, ભ્રષ્ટાચાર થયો હોવાના કોઈ સત્તાવાર પુરાવા હાલ ઉપલબ્ધ નથી, તેથી આક્ષેપોની સત્યતા જાણવા સક્ષમ તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે તાલુકા વિકાસ અધિકારી (TDO) અને સંબંધિત વિભાગ કામની ગુણવત્તા, તકનીકી મંજૂરી, સ્થળની યોગ્યતા અને સરકારી ખર્ચ અંગે તપાસ કરી યોગ્ય નિર્ણય લે છે કે નહીં તેના પર સ્થાનિકોની નજર મંડાઈ છે.

# પાસપોર્ટ વેરિફિકેશન માટે હવે પોલીસ મથકે ધક્કા ખાવા નહીં પડે

### વિશેષ કિસ્સામાં પણ પોલીસ કર્મચારી અરજદારના ઘરે જશે, પોલીસ મથકે બોલાવી શકશે નહીં

**સુરત**

પાસપોર્ટ વેરિફિકેશન માટે અગાઉથી કેટલીક માર્ગદર્શિકા જાહેર થઈ ચૂકી છે, જેમાં પોલીસ વેરિફિકેશન મુદ્દે અરજદારોને રાહત અપાઈ હતી. હવે તેમાં પણ કેટલોક સુધારો કરવામાં આવ્યો છે. કોઈ વિશેષ કે ખાસ કિસ્સામાં હવે જો પોલીસ કર્મચારીએ વેરિફિકેશન માટે અરજદારને મળવું હશે તો તે તેના ઘરે જશે, અરજદારને પોલીસ મથકે બોલાવી શકશે નહીં. નાગરિકો માટે પાસપોર્ટ વેરિફિકેશનની પ્રક્રિયા વધુ પારદર્શક, સરળ અને સુગમ બનાવવા માટે રાજ્ય પોલીસ વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. હવે પાસપોર્ટ વેરિફિકેશન માટે અરજદારે બિનજરૂરી રીતે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. પોલીસ વેરિફિકેશન દરમિયાન હવે માત્ર અરજદારની નાગરિકતા (Citizenship) અને તેનો કોઈ ગુનાઈત પૂર્વ ઈતિહાસ (Criminal Record) છે કે નહીં, તે બાબતની જ ચકાસણી કરવાની રહેશે. પોલીસે પાસપોર્ટ અરજદારોના રહેઠાણના સરનામાની અલગથી ચકાસણી કરવાની કોઈ જરૂરિયાત રહેશે નહીં. આ પ્રક્રિયા દરમિયાન અરજદારને રૂબરૂ મળવાની કે તેની સહી લેવી પણ જરૂરી નથી. જે કિસ્સામાં પોલીસને કોઈ શંકાસ્પદ બાબત જણાય અથવા વધુ ખરાઈ કરવાની જરૂરિયાત લાગે, તેવા અપવાદરૂપ સંજોગોમાં જ પોલીસ કર્મચારીએ અરજદારના રહેઠાણ સ્થળની મુલાકાત લેવાની રહેશે. જો કે, આવા કિસ્સામાં પણ અરજદારને પોલીસ સ્ટેશન રૂબરૂ બોલાવી શકાશે નહીં.

#### નવા દિશા-નિર્દેશોનું પાલન કરવા રાજ્ય પોલીસ વડાની કડક સૂચના

રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) જ્ઞાનેન્દ્રસિંહ મલિકે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો અને અધિકારીઓને આ નવા દિશા-નિર્દેશોનું કડકપણે પાલન કરવા આદેશ આપ્યો છે. સાથોસાથ, તેમણે રાજ્યના તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ આ સુધારેલી સરળ પ્રક્રિયાથી માહિતગાર થાય અને કોઈ પણ બિનજરૂરી પ્રક્રિયા કે ગેરસમજથી દૂર રહે.

# જહાંગીરપુરામાં પ્રોજેક્ટમાં રોકાણના બહાને ખેડુત સાથે ૧ કરોડની છેતરપિંડી

### બિલ્ડર પિંકેશ પટેલ સામે ગુનો, દુકાન અને ચાર મહિનામાં રકમ પરત કરવાની ખાત્રી આપી પૈસા પડાવ્યા

**સુરત**

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા ખેડૂત પાસેથી કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં રોકાણના બહાને રૂપિયા ૧ કરોડ પડાવી ચાર મહિનામાં પરત નહી આપી છેતરપિંડી કરનાર બિલ્ડર સામે પોલીસમાં ગુનો નોધાયો છે. જહાંગીરપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જહાંગીરપુરા, સ્વયંમ રેસીડેન્સી ખાતે રહેતા અને ખેતીકામ કરતા કીરીટભાઈ ઠાકોરભાઈ પટેલ (ઉ.વ.૫૩) પાસે થી બિલ્ડર પિંકેશભાઈ સુરેશભાઈ પટેલ (રહે,કેલી રેસીડેન્સી, ગેલેક્ષી સર્કલ, પાલ)એ પોતાના કન્સ્ટ્રક્શન વ્યવસાય માટે નાણાંની જરૂરિયાત હોવાનું જણાવી તા. ૨૮ માર્ચ, ૨૦૧૮ના રોજ આરટીઝીએસ મારફતે રૂપિયા ૧ કરોડ લીધા હતા. પિંકેશ પટેલે આ રકમ ત્રણથી ચાર મહિનામાં પરત ચૂકવવાની તેમજ સાથે આનંદ મહેલ રોડ પર આવેલા ગ્રીનએલી પ્રોજેક્ટમાં દુકાન નં. ૨૦૫ અને ૨૦૬ આપવાની ખાત્રી આપી હતી. જોકે, સમય વીતી જવા છતાં રકમ પરત ન આપી કે દુકાનનો કબજા પરત આપ્યો ન હતો. અને ત્યારબાદ રૂપિયા ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરાર તથા તારીખ વગરના ચેક આપ્યા હતા. તે પૈકીનો એક ચેક બેંકમાં રજૂ કરતાં તે પરત ફર્યો હતો. ત્યારબાદ કિરીટ પટેલના ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા, કિરીટભાઈને તેમની સાથે છેતરપિંડી કરી હોવાનો ખ્યાલ આવતા ગતરોજ ફરિયાદ નોધાવતા પોલીસે પિંકેશ પટેલ સામે ગુનો દાખલ કરી આગળ તપાસ શરુ કરી છે.

# ફૌરેક્સ ટ્રેડિંગમાં રોકાણના બહાને કાપડ વેપારી સાથે ૧.૭૩ કરોડની છેતરપિંડી

**સુરત**

ઘોડ દોડ રોડ વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય કાપડ વેપારી ઓ નલાઈન સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે.સાબયર માફિયાઓ એ વેપારીને ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપી બનાવટી વેબસાઈટ મારફતે રોકાણ કરાવી રૂપિયા ૧.૭૩ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. સાયબર ક્રાઈમ પોલીસના જણાવ્યા મુજબ, ઘોડ દોડ રોડ સ્થિત રહેતા ૫૪ વર્ષીય કાપડ વેપારીનો ૨૭ માર્ચ, ૨૦૨૫થી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન 'ડેનિયલ ડી.' નામની વ્યક્તિએ અલગ-અલગ મોબાઈલ નંબર પરથી સંપર્ક કર્યો હતો. ઉપરાંત ઈન્સ્ટાગ્રામ પર કેપ પેલેસ ડોટ કોમ નામની આઈડી દ્વારા પણ મેસેજ કરી ફેસબુક પર ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ઊંચુ વળતર મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. ઠગબાજાએ વેપારીનું એકાઉન્ટ ખોલાવી ટેલિગ્રામ મારફતે આપવામાં આવેલા વિવિધ બેંક ખાતાઓમાં તબક્કાવાર કુલ રૂપિયા ૧,૮૨,૯૧,૭૭૩ ટ્રાન્સફર કરાવ્યા હતા. વેબસાઈટ પર રોકાણ અને નફો દર્શાવવામાં આવતો હતો. માફિયાઓ એ વેપારીનો વિશ્વાસમાં લેવા માટે રૂપિયા ૯,૪૨,૬૬૪ ઉપાડવા લીધા હતા. જોકે ત્યારબાદ બાકીના રૂપિયા ૧,૭૩,૩૧,૭૭૩ ઉપાડવા દીધા ન હતા. વેપારીને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા ગતરોજ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોધાવી હતી.

# તાપીના દિવ્યાંગ યુવક પંકજ ગામીતે GPSC પાસ કરી સફળતાનું શિખર સર કર્યું!

### દિવ્યાંગતા અને આદિવાસી વિસ્તારના પડકારોને માત આપી GPSC વર્ગ-૨ સમાજશાસ્ત્ર આસિસ્ટન્ટ પ્રોફેસરની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વ્યારા**



દ્રઢ સંકલ્પ, અથાક પરિશ્રમ અને ક્યારેય ન હાર માનવાની વૃત્તિ હોય તો ગમે તેવી વિષમ પરિસ્થિતિઓ પણ રસ્તામાંથી હટી જતી હોય છે. તાપી જિલ્લાના નવનિર્મિત ઉકાઈ તાલુકાના નાનકડા અને અંતરિયાળ એવા સીંગપુર ગામના આદિવાસી દિવ્યાંગ યુવક પંકજભાઈ દિનેશભાઈ ગામીતે આ વાત સાચે જ અક્ષરશઃ સાબિત કરી બતાવી છે. શારીરિક મર્યાદાઓ કે સાધન-સંપત્તિના અભાવને પોતાની કારકિર્દીના રસ્તામાં બાધા બનવા દેવાને બદલે તેને પોતાની શક્તિ બનાવી પંકજભાઈએ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા દિવ્યાંગો માટે આયોજિત ખાસ 'ગુજરાત એજ્યુકેશન સર્વિસ વર્ગ-૨' ની પરીક્ષા પાસ કરીને 'સમાજશાસ્ત્ર આસિસ્ટન્ટ પ્રોફેસર' તરીકે પસંદગી પામી સમગ્ર તાપી જિલ્લાનું નામ રોશન કર્યું છે.પંકજ ગામીતનો જન્મ અને ઉછેર તાપી જિલ્લાના સામાન્ય પરિવારમાં થયો હતો. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાઓનો અભાવ અને સાથે જ દિવ્યાંગતાના કારણે ઊભા થતા શારીરિક તથા સામાજિક પડકારો હોવા છતાં, તેમણે શિક્ષણ પ્રત્યેનો પોતાનો લગાવ ક્યારેય ઓછો થવા દીધો નહોતો. તેમણે પોતાના ઉચ્ચ શિક્ષણની શરૂઆત સ્થાનિક સ્તરે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાંથી કરી હતી, જ્યાંથી વર્ષ ૨૦૨૩માં તેમણે સમાજશાસ્ત્ર વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાના પોતાના સપનાને પૂરું કરવા માટે તેમણે ગાંધીજી દ્વારા સ્થાપિત ઐતિહાસિક સંસ્થા 'ગુજરાત વિદ્યાપીઠ'માં પ્રવેશ મેળવ્યો અને વર્ષ ૨૦૨૫માં અનુસ્નાતકનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ગુજરાત વિદ્યાપીઠના મૂલ્યવર્ધિત અને આત્મનિર્ભર વાતાવરણે તેમના વ્યક્તિત્વમાં નવો આત્મવિશ્વાસ ઉમેર્યો હતો. સ્નાતક અને અનુસ્નાતકની સફળ સફર બાદ પંકજભાઈ અટક્યા નહીં. તેઓ માનતા હતા કે માત્ર ડિગ્રી મેળવી લેવી પૂરતી નથી, પરંતુ પોતાના વિષયનું ઊંડું જ્ઞાન મેળવીને સમાજના વંચિત વર્ગો માટે કામ કરવું જરૂરી છે. આ જ ઉદ્દેશ્ય સાથે તેઓ હાલ ગુજરાત યુનિવર્સિટી ખાતે પાર્ટ-ટાઈમ પીએચ.ડી. સ્કોલર તરીકે કાર્યરત છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે તેમના સંશોધનનો વિષય પણ તેમની પોતાની જીવનસફર અને સામાજિક વાસ્તવિકતા સાથે જોડાયેલો છે. તેઓ "દિવ્યાંગ આદિવાસી યુવાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ (દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં)" વિષય પર ગહન સંશોધન કરી રહ્યા છે.

# ખેરગામ સરકારી કોલેજમાં યુવક-યુવતી સહકારી શિક્ષણ વર્ગનો પ્રારંભ



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ખેરગામ**

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ ખાતે ગુજરાત રાજ્ય સંઘ, અમદાવાદ અને વલસાડ જિલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૩થી ૮ ઓગસ્ટ દરમિયાન યોજાનારા યુવક-યુવતી સહકારી શિક્ષણ વર્ગ-૨૦૨૬નું ઉદ્ઘાટન આચાર્ય ડૉ. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં વસુધારા ડેરીના સ્વ. નરેન્દ્રભાઈ બી. વશીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. એસ. એમ. પટેલે સહકારી શિક્ષણનું મહત્વ, નવી શિક્ષણ નીતિ હેઠળ ઈન્ટર્નશિપ અને વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરમાં સહકારી ક્ષેત્રની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ટ્રેનર ગીતાબેન જી. પટેલે તાલીમની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધર્મેશભાઈ પટેલે કર્યું હતું,કાર્યક્રમના અંતે આભારવિધી કરતાં ડો.રાકેશભાઈ ગાંવિતે હાલના સમયમાં સહકારનું મહત્વ, નવા સહકારી ક્ષેત્રોમા સહકારી પ્રવૃતિનો પ્રવેશ,નવી સહકારી નીતિઓમાં જોગવાઈ, શિક્ષણ અને સંશોધન પધ્ધતિઓ વિશે વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા.

તંત્રી સ્થાનેથી...

# આવા કુ-રિવાજોથી છુટકારો ક્યારે?

આપણે ત્યાં સારો હોય કે માઠો પ્રસંગ, એમાં સાદાઈના બદલે ઝાકઝમાળ વધતી જાય છે. પોષાય એને તો ઠીક છે, પણ ખિસ્સાને પરવડે નહીં એવા પરિવારો દેખાદેખી કે રીતરિવાજનાં કારણે ગજા બહારનાં ખર્ચ કરે છે. આ રીતે પ્રસંગ યોજ્યા બાદ એની ટીકા કરનારા પણ ઓછા નથી હોતા અહીં. રાજસ્થાનનો એક આવો પ્રસંગ તને કહેવો છે. રાજસ્થાનના સિરોહી જિલ્લાના મંડવારિયા ગામમાં એક ગરીબ પરિવારે આર્થિક તંગીના કારણે મૃત્યુભોજમાં શુદ્ધ ઘીના માલપુઆ બનાવવાને બદલે સાદું ભોજન પીરસતાં, સમાજના પંચે તો કુલ 43 પરિવારોનો સામાજિક બહિષ્કાર (હુક્કા-પાણી બંધ) કરી દીધો છે.

ગામના સદારામ નામની વ્યક્તિનું અવસાન થતાં તેમના પરિવારે આર્થિક સ્થિતિ નબળી હોવાથી સાદું ભોજન કરાવ્યું હતું. આ વાતથી નારાજ પંચે પેલા પરિવાર વિરુદ્ધ સામાજિક બહિષ્કારનું ફરમાન જાહેર કર્યું. આટલું જ નહીં, આ પીડિત પરિવારનું સમર્થન કરનારા અન્ય 42 પરિવારને પણ સજા ફટકારી છે. અમાનવીય સામાજિક નાકાબંધીના આ આકરા ફરમાનને કારણે હાલમાં આ 43 પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.

આ ઘટના અને વિરોધ પાછળ જુદાં-જુદાં કારણો ભલે બતાવાય, પણ વાત તો એ છે કે આપણે ત્યાં રીતરિવાજોના નામે લોકોની હાલત ખરાબ થાય છે. તને ખ્યાલ છે કે આપણા જ એક પરિવારમાં વડીલના મૃત્યુનો માઠો પ્રસંગ બન્યો અને બાદમાં બારમું ને બધી વિધિ થઈ અને છેલ્લે જમણવાર. અને એમાં અય મીઠાઈ ફરસાણ બધું જ. લગ્નમાં જેમ આમંત્રણ અપાય એમ જ બધાને આમંત્રણ અપાયાં. એ પરિવારે એક તો વડીલની સારવાર માટે સારો એવો ખર્ચ ઉઠાવ્યો હતો ઉપરથી ક્રિયાકર્મનો આવા ખર્ચ માટે એમણે વ્યાજે પૈસા લેવા પડ્યા હતા. મારે તો ત્યારે વાત પણ થયેલી કે આટલો બધો ખર્ચ શા માટે? સાદાઈથી વિધિ કરો ને... તો એમણે કહેલું કે ના કરીએ તો સમાજમાં ટીકા થાય, વડીલોનું સાંભળવું પડે.

સુરેન્દ્રનગર જિલ્લાનો એક કિસ્સો છે. રમણભાઈ (નામ બદલ્યું છે) એક નાના ખેડૂત હતા. તેમના પરિવારમાં પત્ની, બે દીકરીઓ અને એક દીકરો છે. ઘરની આર્થિક સ્થિતિ સામાન્ય. કમનસીબે રમણભાઈનું ટૂંકી માંદગી બાદ અચાનક અવસાન થયું. હૉસ્પિટલના ખર્ચને કારણે પરિવાર પહેલેથી જ આર્થિક ભીંસમાં હતો. રમણભાઈના અવસાન પછી જ્ઞાતિના વડીલો અને આગેવાનો દ્વારા દબાણ આવ્યું કે 'રમણભાઈ મોભાદાર માણસ હતા એટલે આખા ગામ અને 24 ગામની જ્ઞાતિને કારજ (બારમું-તેરમું)નું જમણવાર કરવો જ પડશે. જો નહીં આપો તો નાતમાં નાક કપાશે અને ભવિષ્યમાં દીકરા-દીકરીઓનાં લગ્નમાં નડતર ઊભું થશે.'

પરિવારે નાછૂટકે સંમતિ આપવી પડી. ત્રણ લાખનો ખર્ચ થયો. જ્ઞાતિના દરેક ઘરે વાસણ (જેમ કે સ્ટીલના ટિફિન કે થાળી) અથવા રોકડા રૂપિયા લહાણી તરીકે આપવાનો નિયમ હતો. એનો જે ખર્ચ થયો તે ઉપરથી. બધું થઈ પાંચ લાખે ખર્ચ પહોંચ્યો. રમણભાઈના 22 વર્ષના દીકરાએ આ ખર્ચ પૂરો કરવા માટે ગામના એક સ્થાનિક શાહુકાર (વ્યાજખોર) પાસેથી 3 ટકા માસિક વ્યાજે (જે વાર્ષિક 36 ટકા થાય) લોન લેવી પડી, કારણ કે બૅન્કો કારજ માટે લોન નથી આપતી. દીકરો આગળ ભણવા માગતો હતો, તેણે ભણવાનું છોડીને વ્યાજ ચૂકવવા માટે શહેરમાં જઈ મજૂરી કામ શરૂ કરવું પડ્યું. પિતા ગુમાવવાનું દુઃખ તો બાજુ પર રહ્યું, પરિવાર આખું વર્ષ દેવું ચૂકવવાની અને લોકોનાં ટોણાં સાંભળવાની માનસિક પીડામાંથી પસાર થયો. આમ સમાજના કુરિવાજ હસતા-રમતા પરિવારને પાયમાલ કરી નાખે છે. જે પૈસા દીકરીનાં લગ્ન કે દીકરાના ભવિષ્ય માટે વાપરવાના હતા તે સમાજને એક ટંક જમાડવામાં વેડફાઈ ગયા.

અહીં તને યાદ કરાવું. મારી બા એટલે કે તારા સાસુનું અવસાન થયું. પ્રાર્થનાસભા રાખવી હતી અને ત્યારે હોળી ધુળેટી આવતી હતી. કેટલાક વડીલોએ કહ્યું કે આ દિવસે ના રખાય. પણ મેં એમને કહેલું કે ધુળેટીને દિવસે જ આયોજન થશે, કારણ કે પરિવારનાં ત્રણ-ચાર છોકરા-છોકરીની દસ અને બારની પરીક્ષાઓ માથે હતી. એમને આ કારણે કોઈ સમસ્યા ના થાય એટલે ધુળેટીએ આયોજન થયું. વડીલો કહેતા હતા કે, ધુળેટીનો તહેવાર છે કોઈ આવશે નહિ. પણ તને યાદ છે ને...એ દિવસે એટલું માણસ આવ્યું કે આપણી જ્ઞાતિની વાડીનો હોલ ટૂંકો પડ્યો. લોકો નીચે ઊભા રહ્યા હતા. બાની ચાહના જ એટલી હતી.

# બીમારીનહીં, 'આરામ' દરદીનેવધુનુકસાનકર્તાછે...!

**આ શબ્દ 1996માં માલ્કમ ફોલી અને જે. લેન્નોન નામના વિદ્વાન દ્વારા રજૂ કરવામાં આવ્યો. ડાર્ક ટૂરિઝમ એ માત્ર વિકૃત પ્રકારની જિજ્ઞાસા જ નથી, બલકે ઘણી વખત ઇતિહાસને વધુ સારી રીતે સમજવામાં ઉપયોગી સાબિત થતી બાબત છે. કેટલીક વાર વળી સાવ અજાણ્યા લોકોની માનવીય વેદનાઓને અનુભવ્યા બાદ 'આવું ફરી ન થવું જોઈએ' એવી શીખ લઈને લોકો ઘરે જાય છે. એ દૃષ્ટિએ ડાર્ક ટૂરિઝમનું અલગ પ્રકારનું મહત્ત્વ ય ખરું. એક જાણીતું ઉદાહરણ લઈએ, જેમકે આંદામાન-નિકોબારની સેલ્યુલર જેલ. બ્રિટિશ સરકાર દ્વારા નિર્માણ પામેલી આ જેલ આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની પોર્ટ બ્લેરમાં આવેલી છે. અહીં ભારતના સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓને અમાનવીય અત્યાચાર સહન કરવા માટે મોકલવામાં આવતા. 'કાળા પાણી'ની સજા તરીકે ઓળખાતો અહીંનો જેલવાસ અત્યંત ક્રૂર અને અમાનવીય કક્ષાનો ગણાતો. આજે આ સ્થળ ટૂરિસ્ટ સ્પોટ બની ચૂક્યું છે.**

ઘણી વાર કેટલીક ખોટી માન્યતાઓ આપણા મનમાં ઘર કરી ગઈ હોય છે. એ માન્યતા પર ફક્ત આપણે જ નહીં, મોટા ભાગના લોકો વિશ્વાસ કરતા હોય છે, પણ ક્યારેક એ માન્યતા સાચી ન હોય તેવું પણ બને. મોટેભાગે આપણે વૃદ્ધોને આરામ કરવાનું કહીએ અને એમાંય જો કોઈ વૃદ્ધ બીમાર હોય અને લાંબા સમય સુધી પથારીવશ હોય તો તેમનાં સંતાનો તેમજ સ્વજનો આરામ કરવાનું જ કહેશે.

આને લઈને આ અમારા વૉટ્સઍપ 'આવકાર' ગ્રુપમાં મને એક અનુભવી ડૉક્ટર દ્વારા રજૂ થયેલી વાત વાંચવા મળી. મને એ સાચી પણ લાગી. થયું કે, આ વાત વાચકો સુધી પહોંચાડવી જોઈએ. ચોપન વર્ષીય ડો. સોંગ યુઆનમિંગ કહે છે, 'વૃદ્ધ વ્યક્તિ માટે પથારીમાં પડ્યા રહેવું સરળ હોય છે, પરંતુ ફરી ઊભા થવું અત્યંત મુશ્કેલ હોય છે. ઘણી વાર કોઈ રોગ માણસને મારતો નથી, પરંતુ લાંબા સમય સુધી પથારીમાં પડ્યા રહેવું તેને મારી નાખે છે...'



ડૉક્ટર સોંગને સત્તાવીસ વર્ષનો અનુભવ છે અને હજારો દર્દીઓની સારવાર તેમણે કરી છે. તેમણે સારવાર કરેલ એક વૃદ્ધ જેમને આપણે અહીં રમેશભાઈ કહીશું તેમની વાત કહે છે.

રમેશભાઈને બાથરૂમમાં પડી જવાને કારણે જાંઘના હાડકાનું ફ્રૅક્ચર થયું. સર્જરી કરાવી, જે સફળ રહી. ત્રીજા દિવસથી ડૉક્ટરોએ તેમને વૉકરની મદદથી ચાલવાનું કહ્યું હતું, પરંતુ રમેશભાઈના દીકરાએ ના પાડી. દીકરાએ કહ્યું, 'પપ્પાની ઉંમર થઈ છે. ચાલવા જતાં ફરી પડી જશે તો શું થશે? તેથી તેમને આરામ કરા દો.' ડૉ. સોંગ કહે છે: 'છેલ્લાં સત્તાવીસ વર્ષમાં મેં 'આરામ કરો' આ શબ્દ ઓછામાં ઓછા પાંચસો વખત સાંભળ્યા છે અને દરેક વખતે એ સાંભળતાં મારા શરીરે કંપારી ફરી વળી છે, કારણ કે એંશી વર્ષથી વધુ ઉંમરના લોકો માટે આ બે શબ્દો ઘણી વાર મૃત્યુ તરફ દોરી જતા હોય છે...'

રમેશભાઈએ તેમના પુત્રની વાત માની લીધી. ચાલવા માટે ઊભા થયા નહીં અને તે પથારીવશ જ રહ્યા. સાતમા દિવસે તેમને સખત તાવ આવ્યો અને સીટીસ્કૅન કરતાં તેમનાં ફેફસાંમાં ન્યુમોનિયા જોવા મળ્યો. અઢારમા દિવસે તેમને આઈસીયુમાં દાખલ કર્યા અને ત્રેવીસ દિવસે તેમનું અવસાન થયું. તેમનું મૃત્યુ ફ્રૅક્ચરને કારણે કે શસ્ત્રક્રિયાની જટિલતાને કારણે નહોતું થયું, તેમનું મૃત્યુ લાંબા સમય સુધી પથારીમાં રહેવાને કારણે થયેલા ન્યુમોનિયાના કારણે થયું હતું. હાડકું તો સારું થઈ ગયું હતું, પરંતુ ફેફસાં પથારીમાં રહેવાને કારણે નિષ્ફળ થઈ ગયાં હતાં.

ડૉ. સોંગ તેમના બીજા એક દર્દી વિશે વાત કરતા કહે છે, 78 વર્ષીય એક વૃદ્ધ 'સુરેશભાઈ'ને પક્ષાઘાત એટલે કે સ્ટ્રોક આવ્યો. તેના દસ દિવસ પછી સ્થિર સ્થિતિમાં આવ્યા હતા. મેં તેમની દીકરીને કહ્યું કે હવે સૌથી મહત્ત્વની બાબત પુનર્વસન છે. મેં તેમને સમજાવ્યું કે દર્દીને દિવસમાં ઓછામાં ઓછા બે વખત ત્રીસ મિનિટ સુધી બેસાડો, શક્ય હોય તો ઊભા કરો અને થોડું ચલાવો. પુત્રી ખૂબ સેવાભાવી હતી અને ચોવીસ કલાકની સંભાળ માટે એક કૅરટેકર પણ રાખ્યો હતો. ભોજન, દવા, સ્નાન, ડાયપર બધું જ યોગ્ય રીતે થતું હતું, પણ એક વસ્તુ નહોતી થતી: દર્દીને ચલાવવામાં જ આવતા ન હતા, કારણ કે પુત્રીને ડર લાગતો હતો કે ચલાવવાથી તેમને દુખશે, થાકી જશે કે પછી પડી જશે. જ્યારે કૅરટેકર સુરેશભાઈને બેસાડવાનો પ્રયત્ન કરતો ત્યારે દીકરી કહેતી જબરદસ્તી ન કરો અને તેમને આરામ કરવા દો. ત્રણ મહિના પછી તેમનો બીજો પગ પણ નિષ્ક્રિય થઈ ગયો, જે બીજો સ્ટ્રોક ન હતો, પરંતુ લાંબા સમય સુધી પથારીમાં રહેવાથી સ્નાયુઓનું ઝડપી ક્ષીણ થવું એટલે કે મસલએટ્રોફી થયું હતું.

લાંબા સમય સુધી પથારીમાં રહેવાથી દર અઠવાડિયે દોઢથી ત્રણ ટકા સ્નાયુ નષ્ટ થાય છે. ત્રણ મહિનામાં લગભગ ચાલીસ ટકા સ્નાયુઓ ઘટી જાય છે. પરિણામ એ આવ્યું કે તે સંપૂર્ણ અશક્ત બની ગયા. હજુ ઊભા રહી શકે એ સ્થિતિમાંથી તે હવે ક્યારેય ઊભા નહીં રહી શકે એવી સ્થિતિમાં મુકાઈ ગયા અન્ય એક ઘટના વર્ણવતાં ડૉ. સોંગ કહે છે: 'મનીષભાઈની હિપ રિપ્લેસમેન્ટ સર્જરી થઈ હતી. તેમનો દીકરો હવે શું કરવાનું છે તે સમજવા માટે આવ્યો. મેં તેને જણાવ્યું કે પ્રથમ દિવસે ઘૂંટણ અને પગની કસરત દર કલાકે વીસ વખત કરાવવી ને બીજા દિવસે પગ ઊંચા કરવાનો વ્યાયામ કરવાનો. ત્રીજા દિવસે વૉકરની મદદથી બે મિનિટ ઊભા રહેવું. પાંચમા દિવસે ચાર વખત દસ પગલાં ચાલવું. આ કસરતોથી તેમને દુખાવો થતો હતો.

ત્રીજા દિવસે ઊભા રહેતાં તેમને પરસેવો થઈ ગયો હતો અને હોઠ સફેદ પડી ગયા હતા, પણ દીકરાએ તેમને આરામ કરવાનું ન કહ્યું. તેણે માત્ર એટલું જ કહ્યું 'પપ્પા, માત્ર ત્રીસ સેકન્ડ ઊભા રહો. મેં ટાઈમર લગાવ્યો છે.' મનીષભાઈએ દાંત ભીંસીને ત્રીસ સેકન્ડ પૂરા કર્યા અને એ જ ત્રીસ સેકન્ડ તેમના જીવનની સૌથી અસરકારક દવા બની ગયા. ચૌદમા દિવસે તે પોતાના પગે ચાલીને વૉર્ડની બહાર આવ્યા. ધીમે ધીમે પણ તે પોતાના પગે ચાલી શક્યા અને પછી સંપૂર્ણ સાજા થઈ ગયા...'

ડૉ. સોંગના મતે બે અઠવાડિયાંથી વધારે પથારીમાં રહેવું એટલે સ્નાયુઓનો ઝડપી ક્ષય થવો. પથારી આરામ નહીં, પણ વિનાશની શરૂઆત બની શકે છે. સર્જરી પછીના પ્રથમ બોત્તેર કલાક સુવર્ણ સમય હોય છે. આ સમય દરમિયાન હલનચલન શરૂ થાય છે કે નહીં તેના પર આગળનું જીવન નિર્ભર રહે છે. ડૉ. સોંગ એક સોનેરી સલાહ આપે છે, 'દર્દીનું દરેક કામ આપણે જ કરી આપવું એ ખોટો સેવાભાવ છે. સાચી સેવા એટલે દર્દીને ફરી ઊભા કરવાનો પ્રયાસ કરવો. પોતાના પગે ચાલીને શૌચાલય સુધી જવું એ વૃદ્ધો માટે સૌથી વધુ જરૂરી બાબત છે.

અહીં એક વાત નોંધવી જરૂરી છે. દરેક દર્દીની પરસ્થિતિ અલગ હોય છે. સર્જરી, સ્ટ્રોક અથા ગંભીર રોગ પછી હલનચલન શરૂ કરવાનો નિર્ણય હંમેશાં દર્દીની સારવાર કરતા ડૉક્ટરની સલાહ મુજબ જ લેવો જોઈએ. તમે દર્દી હો તો અહીં આ વાંચીને પાછા તમારા ડૉક્ટરને પૂછ્યા વિના ચાલવા ના માંડતા...!

# પુરુષ પોતાની લાગણી વ્યક્ત કરતાં કેમ અચકાય છે?

સમાજનો એક વણલખ્યો પણ ચુસ્તપણે પળાતો નિયમ છે કે પુરુષે હંમેશાં મજબૂત, અડીખમ અને અચળ દેખાવું જોઈએ. બાળપણથી જ એક નાના છોકરાને જ્યારે વાગે કે તે રડવા લાગે ત્યારે તેને સાંત્વના આપવાને બદલે અવારનવાર કહેવામાં આવે છે કે 'છોકરાઓ ન રડે' અથવા 'છોકરો થઈને શું છોકરીઓની જેમ રડે છે?'

આ નાનકડી વાક્યરચના જ બાળકના મગજમાં એ વિચારનું બીજ વાવી દે છે કે દુઃખ, દર્દ કે નબળાઈ દર્શાવવી એ પુરુષનું લક્ષણ નથી. જેમ જેમ એ બાળક મોટું થઈને પુરુષ બને છે, તેમ તેમ તે પોતાની અંદરની લાગણીઓ, ડર અને તણાવને એક ઊંડા અને અંધારા ખૂણામાં છુપાવવાનું શીખી લે છે. પોતાના દુઃખ કે મુશ્કેલીઓને હસતા મોઢે સહન કરી લેવી એ જ પુરુષ હોવાની પ્રાથમિક શરત માની લેવામાં આવી છે અને આ જ માનસિકતા તેમને પોતાની સાચી લાગણીઓ વ્યક્ત કરતાં અટકાવે છે.

સમાજ દ્વારા પુરુષો પર લાદવામાં આવેલી ભૂમિકાઓ પણ આ અચકાટનું એક મોટું કારણ છે. પુરુષને હંમેશાં પરિવારના 'રક્ષક' અને 'પોષક' તરીકે જોવામાં આવે છે. તેના પર પરિવારની આર્થિક, સામાજિક અને વ્યવહારિક સુરક્ષાનો ભારે બોજ હોય છે. આટલી બધી અપેક્ષાઓ વચ્ચે પુરુષને લાગે છે કે જો તે પોતે નબળો પડશે, જો તે પોતાની ચિંતાઓ કે ડર વિશે વાત કરશે, તો તેના પર નિર્ભર રહેલા લોકોનો વિશ્વાસ ડગમગી જશે.

પરિણામે તે પોતાના મનમાં ચાલતા વિચારોનું વાવાઝોડું બહાર આવવા દેતો નથી. તે પોતાની જાતને એક એવા ઢાલ તરીકે રજૂ કરે છે જે ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ તૂટી શકતી નથી. આ પ્રક્રિયામાં તે ભૂલી જાય છે કે ઢાલ પણ આખરે તો ધાતુની બનેલી હોય છે અને સતત ઘા વાગવાથી તે પણ અંદરથી ક્ષીણ થઈ શકે છે. લાગણીઓ વ્યક્ત ન કરવા પાછળનો બીજો એક મોટો ભય છે નિર્ણાયક દૃષ્ટિનો સામનો કરવો અથવા 'જજ' થવું. પુરુષને ઘણીવાર એ વાતનો ડર રહે છે કે જો તેઓ પોતાની નબળાઈ કે માનસિક તણાવ વિશે કોઈની સામે વાત કરશે તો લોકો તેમને અસમર્થ કે નબળા સમજી લેશે. ખાસ કરીને પોતાના કાર્યક્ષેત્રમાં કે મિત્રવર્તુળમાં પોતાની પ્રતિષ્ઠા ખોઈ બેસવાનો ભય તેમને સતત સતાવતો હોય છે.




આપણી સંસ્કૃતિમાં પુરુષોને વાતચીત કરતી વખતે હંમેશાં તાર્કિક અને વ્યવહારુ રહેવાની તાલીમ મળે છે, ભાવનાત્મક નહીં. જ્યારે કોઈ પુરુષ ખૂલીને પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા જાય છે ત્યારે તેને ઘણીવાર એવા પ્રતિસાદ મળે છે કે 'તું બહુ વિચાર ન કર' અથવા 'બધું ઠીક થઈ જશે.' આ પ્રકારના પ્રતિસાદોથી તેને એવું અનુભવાય છે કે તેની લાગણીઓને ગંભીરતાથી લેવામાં નથી આવી રહી, જેના કારણે તે ભવિષ્યમાં ક્યારેય ખૂલીને વાત ન કરવાનો નિર્ણય લઈ લે છે.

સ્વયં લાગણીઓને ઓળખવાની અને તેને યોગ્ય શબ્દો આપવાની ક્ષમતાનો અભાવ પણ એક અગત્યનું કારણ છે. નાનપણથી જ છોકરાઓને પોતાની લાગણીઓ સમજાવવાની તક બહુ ઓછી મળે છે. ક્રોધ કે ગુસ્સો એ જ એક માત્ર એવી લાગણી છે જેને પુરુષ માટે સામાજિક રીતે સ્વીકાર્ય માનવામાં આવી છે. તેથી જ જ્યારે કોઈ પુરુષ અંદરથી ઉદાસીનતા, ડર, ભય કે એકલતા અનુભવતો હોય છે ત્યારે તે એ લાગણીઓને યોગ્ય રીતે વ્યક્ત કરવાને બદલે ક્રોધ કે ચીડચીડાપણું દર્શાવવા લાગે છે. તેનો ગુસ્સો વાસ્તવમાં તેની છુપાયેલી લાચારી કે દુઃખનું જ એક રૂપ હોય છે. સાચી ભાવના શું છે તે ન ઓળખી શકવાને કારણે તે પોતાની અંદર મંથન જ કરતો રહે છે પણ સામેવાળી વ્યક્તિને કંઈ કહી શકતો નથી.

લાગણીઓને દબાવી રાખવાની આ પ્રવૃત્તિ પુરુષના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર અસરો છોડે છે. જે લાગણીઓ બહાર નથી આવતી તે અંદર જઈને માનસિક તણાવ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ અને અનિદ્રા જેવી બીમારીઓનું રૂપ ધારણ કરે છે. માનસિક રીતે સતત પોતાની ભાવનાઓને દબાવી રાખવાથી પુરુષો અંદરથી એકલવાયા અને હતાશ થઈ જાય છે. તેઓ પોતાના નજીકના સંબંધીઓ, જીવનસાથી કે બાળકોથી પણ એક અદૃશ્ય અંતર બનાવી લે છે. સંબંધોમાં જ્યારે ભાવનાત્મક આપ-લે બંધ થઈ જાય છે ત્યારે સંબંધ માત્ર એક જવાબદારી બનીને રહી જાય છે. ઘરમાં બધાની વચ્ચે હોવા છતાં પુરુષ પોતાને એકલો અનુભવે છે, કારણ કે તેની અંદરનું સચ્ચાઈભર્યું તત્ત્વ કોઈ જોઈ શકતું નથી.

આ પરિસ્થિતિને બદલવા માટે સમાજ અને પરિવારના દૃષ્ટિકોણમાં મોટો બદલાવ આવવો જરૂરી છે. આપણે એ સ્વીકારવું પડશે કે પુરુષ પણ આખરે એક મનુષ્ય જ છે અને દરેક મનુષ્યને દુઃખ, ડર અને નબળાઈનો અનુભવ કરવાનો પૂરો હક છે. ઘરમાં એવું વાતાવરણ નિર્માણ થવું જોઈએ જ્યાં પુરુષ કોઈ પણ ભય કે સંકોચ વગર કહી શકે કે 'આજે હું થાકી ગયો છું' અથવા 'મને આ વાતનો ડર લાગે છે.' જીવનસાથી તરીકે સ્ત્રીએ પણ પુરુષની નબળાઈઓને તેની અસમર્થતા માનવાને બદલે તેને સહાનુભૂતિપૂર્વક સાંભળવી જોઈએ. જ્યારે એક પુરુષને એવો વિશ્વાસ બેસશે કે તેની લાગણીઓની કદર થશે અને તેને નબળો ગણવામાં નહીં આવે,ત્યારે તે ચોક્કસપણે પોતાના મનના દરવાજા ખોલશે.

આખરે પુરુષે પોતે પણ આ વાત સમજવી પડશે કે પોતાની ભાવનાઓ વ્યક્ત કરવી એ કોઈ નબળાઈ નથી, પરંતુ હિંમતની નિશાની છે. રડવું કે પોતાની તકલીફ કોઈની સામે મૂકવી એ પુરુષાર્થને ઓછો નથી કરતું, પણ મનને હળવું કરીને ફરીથી મજબૂતીથી ઊભા થવામાં મદદ કરે છે. પોતાના માનસિક સ્વાસ્થ્ય માટે અને પોતાના પ્રિયજનો સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પુરુષોએ મૌનનું કવચ તોડીને પોતાની લાગણીઓને વાચા આપવી જ પડશે. જ્યારે પુરુષ પોતાની ભાવનાઓને સ્વીકારતો અને વ્યક્ત કરતો થશે ત્યારે જ તે સાચા અર્થમાં એક તંદુરસ્ત અને ખુશહાલ જીવન જીવી શકશે.

**આ નાનકડી વાક્યરચના જ બાળકના મગજમાં એ વિચારનું બીજ વાવી દે છે કે દુઃખ, દર્દ કે નબળાઈ દર્શાવવી એ પુરુષનું લક્ષણ નથી. જેમ જેમ એ બાળક મોટું થઈને પુરુષ બને છે, તેમ તેમ તે પોતાની અંદરની લાગણીઓ, ડર અને તણાવને એક ઊંડા અને અંધારા ખૂણામાં છુપાવવાનું શીખી લે છે. પોતાના દુઃખ કે મુશ્કેલીઓને હસતા મોઢે સહન કરી લેવી એ જ પુરુષ હોવાની પ્રાથમિક શરત માની લેવામાં આવી છે અને આ જ માનસિકતા તેમને પોતાની સાચી લાગણીઓ વ્યક્ત કરતાં અટકાવે છે.**

# ૭ ઓગસ્ટે એકસાથે રિલીઝ થશે ૬ શાનદાર ફિલ્મો!




**મુંબઈ**

વરસાદની સીઝન અને તહેવારોનો મહિનો ઓગષ્ટ ફિલ્મ રસિયાઓ માટે પણ રંગીન બની રહેવાનો છે. કારણ કે ૭ ઓગસ્ટનો દિવસ ખૂબ જ ખાસ રહેવાનો છે. થિયેટરોમાં એકસાથે ઘણી નવી ફિલ્મો રિલીઝ થઈ રહી છે. સાઉથ અને બોલિવૂડથી લઈને પંજાબી સિનેમા સુધી, ચાહકોને અલગ-અલગ ભાષા અને જોનરની (પ્રકારની) ફિલ્મો જોવા મળશે. ચાલો જાણીએ ૭ ઓગસ્ટે રિલીઝ થનારી આ શાનદાર ફિલ્મો વિશેઃ

જી ડી એન

આ ફિલ્મમાં આર. માધવન 'ભારતના એડિસન' કહેવાતા જી.ડી. નાયડુની ભૂમિકામાં જોવા મળશે. તેમના સિવાય ફિલ્મમાં પ્રિયામણિ, જયરામ અને સત્યરાજ જેવા સ્ટાર્સ પણ મહત્વના રોલમાં છે. કૃષ્ણકુમાર રામકુમાર દ્વારા નિર્દેશિત આ બાયોપિક અગાઉ ૧૭ જુલાઈએ રિલીઝ થવાની હતી, પરંતુ હવે તે ૭ ઓગસ્ટે સિનેમાઘરોમાં આવશે.

ડીસી

આ એક તમિલ રોમેન્ટિક એક્શન ફિલ્મ છે, જેમાં લોકેશ કનગરાજ અને વામિકા ગબ્બી મુખ્ય ભૂમિકામાં છે. અરુણ મથેસ્વરનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું સંગીત જાણીતા મ્યુઝિક ડિરેક્ટર અનિરુદ્ધે આપ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વામિકા અગાઉ 'પતિ પત્ની ઔર વો દો' માં આયુષ્માન ખુરાના, રકુલ પ્રીત સિહ અને સારા અલી ખાન સાથે જોવા મળી હતી.

ઓહ માય ડોગ

અભિનેતા પંકજ ત્રિપાઠી સ્ટારર આ ફિલ્મની વાર્તા એકદમ અલગ છે, જેમાં એક શ્વાન (ડોગ) પર કેન્દ્રિત કરવામાં આવી છે. અમિત રાય દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી આ ફિલ્મનું ટ્રેલર દર્શકોને ખૂબ પસંદ આવ્યું હતું. આ ફિલ્મ પણ ૭ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે.

આર્યભટ્ટ કા ઝીરો

આ એક કોમેડી ડ્રામા ફિલ્મ છે. કમલ ચંદ્રા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં હિમાંશ કોહલી, રવિ કિશન, સોનાલી સહેગલ અને શિલ્પા શિંદે જેવા કલાકારો જોવા મળશે. રવિ કિશનને ફરી એકવાર મોટા પડદા પર જોવા માટે ચાહકો ખૂબ ઉત્સાહિત છે.

ધ ગ્રેટ પંજાબ રોબરી

આ ૭ ઓગસ્ટે રિલીઝ થઈ રહેલી પંજાબી ફિલ્મ છે, જેના દ્વારા શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુંદ્રા મુખ્ય અભિનેતા તરીકે પડદા પર જોવા મળશે. ફિલ્મમાં તેમની સાથે પાયલ રાજપૂત છે. સૌરભ વર્મા દ્વારા લિખિત અને નિર્દેશિત આ ફિલ્મનું પ્રમોશન રાજ કુંદ્રા જોરશોરથી કરી રહ્યા છે.

યાર જિગરી કસૂતી ડિગ્રી- ધ ફિલ્મ

આ પણ એક પંજાબી કોમેડી ડ્રામા ફિલ્મ છે, જેનું નિર્દેશન રબ્બી તિવાનાએ કર્યું છે. કોલેજના મિત્રોના રી-યુનિયનની વાર્તા દર્શાવતી આ ફિલ્મમાં પુખરાજ ભલ્લા, અમૃત અંબી, હસનીન ચૌહાણ અને પવન જોહલ જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં છે.

# ૮૦૦ કરોડની ફિલ્મ માટે અટલી મોટા ફેરફાર પર વિચાર કરી રહ્યા છે




અલ્લુ અર્જુન અને અટલીની રાકા બે ભાગમાં રિલીઝ થઈ શકે છે : અલ્લુ અર્જુન અને અટલીની ફિલ્મ રાકાને અંગે પણી ઉત્સુકતા છે. આ અંગે મળતી મહત્વની માહિતી અનુસાર, લગભગ ૮૦૦ કરોડના બજેટમાં બની રહેલી આ ભવ્ય ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાના વિકલ્પ પર હાલ ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે

ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્રે જણાવ્યું કે, રાકાનું શૂટિંગ છેલ્લા એક વર્ષથી ચાલી રહ્યું છે અને અત્યાર સુધીની શૂટ થયેલી ફૂટેજ જ સામાન્ય ત્રણ કલાકની ફિલ્મમાં સમાવી શકાય એટલી નથી. હજુ પણ અંદાજે ચાર મહિનાનું શૂટિંગ ભાકી હોવાથી સમગ્ર કથાને એક જ ફિલ્મમાં રજૂ કરવી લગભગ અશક્ય બની રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાનો અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. અટલી હજુ પણ વાર્તાને શ્રેષ્ઠ રીતે કેવી રીતે રજૂ કરી શકાય તે અંગે વિચાર કરી રહ્યા છે. ફિલ્મનું સંપૂર્ણ શૂટિંગ પૂરું થયા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

આ અંગેની માહિતી મુજબ, અલ્લુ અર્જુન સહિત ફિલ્મના તમામ કલાકારોને અટલીના વિઝન પર સંપૂર્ણ વિશ્વાસ છે અને તેઓ ફિલ્મને ભવ્ય સ્વરૂપ આપવા માટે જરૂરી સમય આપી રહ્યા છે. અલ્લુ અર્જુને ડિસેમ્બર સુધી પોતાની તારીખો આ ફિલ્મ માટે ફાળવી છે. ત્યારબાદ તે આગામી વર્ષે લોકેશ કનગરાજની સુપરહીરો ફિલ્મમાં વ્યસ્ત થશે. આ ભવ્ય પેન-ઈન્ડિયા ફિલ્મનું મુખ્ય શૂટિંગ ૨૦૨૭ના પ્રથમ ભાગ સુધી ચાલવાની શક્યતા છે, જ્યારે ફિલ્મને ૨૦૨૭ના અંતમાં રિલીઝ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ફિલ્મનું નિર્માણ કરી રહેલું સન પિક્ચર્સ બે ભાગના ફોર્મેટના પક્ષમાં હોવાનું કહેવાય છે. નિર્માતાઓનું માનવું છે કે આ રીતે અટલી પોતાની કલ્પના મુજબ વાર્તાને વધુ સારી રીતે રજૂ કરી શકશે અને ફિલ્મની આર્થિક વ્યવસ્થા પણ વધુ વ્યવહારુ બનશે. જોકે, આ નિર્ણય સાથે જોખમ પણ જોડાયેલું છે, કારણ કે બીજા ભાગની સફળતા પ્રથમ ભાગને મળનારા પ્રતિસાદ પર નિર્ભર રહેશે. અટલી આ ફિલ્મને યાદગાર થિયેટ્રિકલ અનુભવ બનાવવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા હોવાનું કહેવાય છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન ઉપરાંત દીપિકા પાદુકોશ, મૃણાલ ઠાકુર, રશ્મિકા મંદાના અને જાહ્નવી કપૂર મહત્વના રોલમાં જોવા મળશે.

# બિગ બોસ 20: સલમાન ખાને 'કરણ અર્જુન' ડાયલોગ સાથે પ્રોમો કર્યો રિલીઝ : શાહરૂખ ખાનની એન્ટ્રીની ચર્ચા તેજ

મુંબઈ: અભિનેતા સલમાન ખાન ફરી એકવાર તેના લોકપ્રિય રિયાલિટી શો "બિગ બોસ" ની નવી સીઝન સાથે દર્શકો સમક્ષ પાછા ફરવા માટે તૈયાર છે. દર વર્ષની જેમ, ચાહકો પહેલાથી જ આ શો માટે ઉત્સાહિત છે, પરંતુ "બિગ બોસ 20" ની પહેલી ઝલકથી આ ઉત્સાહમાં વધારો થયો છે. શોનો નવો પ્રોમો જોયા પછી, દર્શકો અનુમાન લગાવી રહ્યા છે કે બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન પણ આ વખતે શોમાં પ્રવેશ કરી શકે છે. "બિગ બોસ 20" ના નિર્માતાઓએ મંગળવારે પ્રોમો રિલીઝ કર્યો, જેમાં સલમાન ખાનની અનોખી અને શક્તિશાળી શૈલી દર્શાવવામાં આવી છે. વીડિયોમાં, સલમાન ખાન ઘોડા સાથે જોવા મળે છે, અને તે પછી તેણે જે સંવાદ ઉચ્ચાર્યો છે તેનાથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે.




પ્રોમોમાં, સલમાન ખાન કહે છે, "'કરણ અર્જુન' માં જે થયું તે હવે 'બિગ બોસ' માં થશે... તો થાઓ!" સલમાનનો આ સંવાદ તેની અને શાહરૂખ ખાનની 1995 ની સુપરહિટ ફિલ્મ "કરણ અર્જુન" સાથે સંબંધિત છે. આ કારણે, ચાહકો હવે અનુમાન લગાવી રહ્યા છે કે શું સલમાન ખાન અને શાહરૂખ ખાનની જોડી 'બિગ બોસ 20' માં ફરીથી ખાસ રીતે જોવા મળશે.પ્રોમો શેર કરતા નિર્માતાઓએ લખ્યું, "એક સે ભલે દો... 'બિગ બોસ' 6 સપ્ટેમ્બરથી જિયો હોટસ્ટાર અને કલર્સ ટીવી પર શરૂ થઈ રહ્યો છે." આ કેપ્શને દર્શકોની ઉત્સુકતા પણ વધારી દીધી છે.ઘણા લોકો કેપ્શનમાં "એક સે ભલે દો" ને સલમાન ખાન અને શાહરૂખ ખાનની જોડી સાથે જોડી રહ્યા છે. જોકે, શાહરૂખ ખાનની એન્ટ્રી અંગે નિર્માતાઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.સલમાન ખાને પણ નવી સીઝન પર પોતાની પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, "'બિગ બોસ'ની દરેક સીઝન પોતાની સાથે નવી રમતો, નવા સંબંધો અને નવા ઉતાર-ચઢાવ લાવે છે.

## દ.ગુજરાત

# દમણના કચીગામ ચાર રસ્તા સહિત મુખ્ય માર્ગો પર ટ્રાફિક અને બેફામ વાહનચાલકો યમદૂત બન્યા

### પ્રશાસનની ઘોર બેદરકારી સામે લોકરોષ


તસ્વીરઃ રાજેશ પુરોહિત, દમણ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-દમણ**

સંઘપ્રદેશ દમણમાં રજાના દિવસોમાં ટ્રાફિકની સમસ્યા કાયમી બની ગઈ છે, જ્યાં લાખો રૂપિયાના ખર્ચે લગાવાયેલા ટ્રાફિક સિગ્નલો શોભાના ગાંઠિયા સાબિત થઈ રહ્યા છે. સિગ્નલો શરૂ થયા ત્યારે થોડા દિવસો માટે વાહનચાલકોએ નિયમોનું પાલન કર્યું હતું, પરંતુ તંત્રની નિષ્ક્રિયતાના કારણે સિગ્નલો ફરી બંધ થઈ ગયા છે અને વાહનચાલકો બેફામ ગતિએ વાહનો દોડાવી રહ્યા છે. કચીગામ ચાર રસ્તા બની રહ્યા છે અકસ્માત ઝોન દમણના વ્યસ્ત ગણાતા કચીગામ ચાર રસ્તા પર આસપાસના ઔદ્યોગિક એકમોમાંથી ભારે વાહનોની સતત અવરજવર રહે છે. આ માર્ગ પર અગાઉ અનેક નિર્દોષ લોકો અકસ્માતમાં પોતાના પ્રાણ ગુમાવી ચૂક્યા છે. થોડા મહિના અગાઉ જ આ જ ચાર રસ્તા પર પૂરઝડપે આવેલા ટેમ્પોની અડફેટે દમણના એક સરકારી અધિકારીનું કરુણ મોત નીપજ્યું હતું, છતાં પણ પ્રશાસન દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. મુખ્ય સમસ્યાઓમાં લાખોના ખર્ચે ઊભા કરાયેલા ટ્રાફિક સિગ્નલો બંધ હાલતમાં છે, જેના કારણે ટ્રાફિક નિયમનનો અભાવ જોવા મળે છે. મહત્વના ચોકઠાંઓ પર ટ્રાફિક પોલીસ કે હોમગાર્ડ જવાનો ઉપસ્થિત ન હોવાથી વાહનચાલકો બેફામ બને છે. ઔદ્યોગિક વિસ્તાર હોવાને કારણે બેફામ દોડતા ભારે વાહનો રાહદારીઓ અને નાના વાહનચાલકો માટે જીવનું જોખમ બની રહ્યા છે. ફક્ત કચીગામ જ નહીં, પરંતુ સમગ્ર દમણમાં ટ્રાફિક વ્યવસ્થાને સુધારવા માટે નાગરિકોમાં ઉગ્ર માંગ ઉઠી છે. લોકો ઈચ્છી રહ્યા છે કે દમણ પ્રશાસન આ બાબતે ગંભીરતા દાખવે, બંધ સિગ્નલો કાયમી ધોરણે ચાલુ કરે, નિયમ તોડનારાઓ સામે કડક દંડકીય કાર્યવાહી કરે અને વ્યસ્ત ચોકઠાંઓ પર ટ્રાફિક પોલીસની કાયમી નિમણૂક કરે, જેથી ભવિષ્યમાં કોઈ નિર્દોષે જીવ ન ગુમાવવો પડે.

# વાલિયામાં જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો: 10 જુગારીઓ રંગેહાથ ઝડપાયા


તસ્વીર : કેતન મેહતા, ભરૂચ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વાલિયા**

વાલિયા પોલીસએ વિઠ્ઠલગામમાં ચાલતા જુગારના અડ્ડા પર ત્રાટકી 10 જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે રોડકાંઠે આવેલી એક ઓરડીની બહાર ગંજીપાનાં વડે હારજીતનો જુગાર રમાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં ગોઠવેલા દરોડામાં સમગ્ર અડ્ડો ઝડપ્યો હતો. કારરવાઈ દરમિયાન 10 આરોપીઓ સ્થળ પરથી જ ઝડપાઈ ગયા, જ્યારે જુગારમાં વપરાતી રોકડ, મોબાઈલ ફોન, મોટરસાયકલ અને અન્ય સાધનો મળી કુલ 57,760નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં 12,760ની રોકડ, બે મોબાઈલ ફોન અને 35 હજારનું પેશન પ્રો મોટરસાયકલનો સમાવેશ થાય છે. પોલીસે જુગાર રમવાના સાધનો પણ કબજે કર્યા છે. આ સમગ્ર મામલે વાલિયા પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસે વિસ્તારમાં આવા અન્ય અડ્ડાઓ અંગે પણ તપાસ તેજ કરી છે.

# સાંસદ ઉમેશ પટેલે લોકસભામાં પૂર પ્રભાવિતો માટે વળતર અને મહિલા પ્રતિનિધિઓના કાર્યકાળ મુદ્દે અવાજ ઉઠાવ્યો

### મહિલા પંચાયત પ્રતિનિધિઓના કાર્યકાળમાં વધારાની રજૂઆત

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-દમણ**

દમણ અને દીવના અપક્ષ સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે સંસદના ચોમાસું સત્ર દરમિયાન પ્રદેશના નાગરિકોની વર્ષો જૂની અને ગંભીર સમસ્યાઓને કેન્દ્ર સરકાર સમક્ષ પ્રમુખતાથી રજૂ કરી હતી. તેમણે ખાસ કરીને પૂરના પ્રકોપથી થયેલ નુકસાન અને પંચાયતી રાજમાં મહિલા સશક્તિકરણના મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોર્યું હતું. પૂરગ્રસ્તો માટે વળતર અને કાયમી સુરક્ષાની માંગ નિયમ ૩૭૭ અંતર્ગત બોલતા સાંસદ ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં થયેલા ભારે વરસાદ, મધુબન ડેમમાંથી છોડાયેલા પાણી અને દરિયાની ઊંચી ભરતીના ત્રિવેણી સંગમ જેવી સ્થિતિને કારણે દક્ષિણ ગુજરાતના વાપી, વલસાડ, સુરત અને નવસારી સહિત દમણ, દીવ અને દાદરા નગર હવેલીમાં ભયાનક પૂરની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી હોનારતને કારણે માછીમારો, ખેડૂતો અને નાના વેપારીઓને ભારે આર્થિક ફટકો પડ્યો છે. સાંસદે પૂર પ્રભાવિતો માટે વ્યાજબી વળતરની માંગ સાથે ગુજરાતની જેમ દમણના માછીમારોને પણ રાહત દરે ડીઝલ આપવું અને નાની દમણ વિસ્તારમાં આધુનિક ડૉકયાર્ડની સુવિધા ઊભી કરવી, મધુબન ડેમમાંથી પાણી છોડતા પહેલા રીઅલ-ટાઈમ અર્લી વોર્નિંગ સિસ્ટમ અને SMS એલર્ટ દ્વારા સ્થાનિકોને જાણ કરવાની વ્યવસ્થા કરવી. દમણમાં NDRFની કાયમી ટુકડી તૈનાત કરવી અને પૂરગ્રસ્તો માટે કાયમી પુનર્વસન યોજના અમલમાં મૂકવીની રજૂઆત કરી હતી. સાંસદ પટેલે અન્ય એક મહત્વના પ્રશ્ન દ્વારા દમણ અને દીવમાં મહિલા જિલ્લા પંચાયત અધ્યક્ષોના ટૂંકા કાર્યકાળનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે હાલમાં આ મહિલા પ્રતિનિધિઓનો કાર્યકાળ માત્ર અઢી વર્ષનો જ છે, જે તેમને નેતૃત્વ સાબિત કરવા અને વિકાસના કામો પૂર્ણ કરવા માટે અપૂરતો છે. તેમણે મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે દેશના અન્ય રાજ્યોની જેમ દમણ અને દીવમાં પણ મહિલા પંચાયત પ્રતિનિધિઓનો કાર્યકાળ પૂરો ૫ વર્ષનો કરવાની પ્રબળ માંગ કરી છે. સાંસદ ઉમેશભાઈ પટેલની આ સક્રિય રજૂઆતથી પ્રદેશની જનતામાં આશા જાગી છે કે કેન્દ્ર સરકાર વહેલી તકે આ બાબતે સકારાત્મક નિર્ણય લેશે.

# ગણદેવી પોલીસે રૂ.૧૯.૯૧ લાખ નાં વિદેશી દારૂ, ટ્રક અને મુદ્દામાલ સાથે બે ની ધરપકડ કરી, બે વોન્ટેડ



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ગણદેવી**

ગણદેવી પોલીસ ટીમે મંગળવારે બાતમીના આધારે ગણદેવી એક્સપ્રેસ હાઈવે ટોલનાકા પાસેથી એક ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રકમાં ગુપ્ત ખાનામાં છુપાવીને લઈ જવામાં આવતી વિદેશી દારૂની બોટલો અને ટીન બિયર મળી કુલ નંગ-૭૦૮ (કિંમત રૂ. ૨,૫૪,૮૮૦) જપ્ત કર્યા હતા. રૂ.૧૦ લાખની ટાટા ટ્રક નં. જીજે ૨૪ વી ૨૯૩૧, મોબાઈલ રૂ.૫ હજાર અને ટ્રાન્સપોર્ટ કંપની નો સામાન રૂ.૭,૩૧,૯૭૧ મળી કુલ રૂ.૧૯૯૧૮૫૧ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આરોપીઓ રાકેશજી ગોપાલજી ઠાકોર (૨૫) અને રણજીતજી ગણેશજી ઠાકોર (૩૦) (બંને રહે. નેદરા ગામ, સિદ્ધપુર, પાટણ)ની ધરપકડ કરી હતી. તેમજ જથ્થો મંગાવનાર અને ભરી આપનાર શખ્સો ઈમરાન મહેબૂબબાન વિહારી રહે. સિધ્ધપુર પાટણ અને અન્ય વિરુદ્ધ પણ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ ગણદેવી પોલીસ કરી રહી છે.

# ઓલપાડના કીમની બોલાવ ગ્રૂપ સહકારી મંડળીમાં સહકાર પેનલનો ભવ્ય વિજય

### વર્તમાન પ્રમુખ જશવંતસિંહ ખેર સહિત ત્રણેય ઉમેદવારોની જીત

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ઓલપાડ**


તસવીર : ચિંતન પટેલ, કીમ

ઓલપાડ તાલુકાના કીમ ખાતે આવેલ બોલાવ ગ્રૂપ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની ચૂંટણી મંગળવારના રાજપૂત ભવન કીમ ખાતે રોજ યોજાઈ હતી.વર્તમાન પ્રમુખ જશવંતસિંહ ખેર સાથે તમામ ત્રણ ઉમેદવારોનો વિજય થતા સમર્થકો ઝૂમી ઉઠ્યા હતા. મળતી વિગત મુજબ ઓલપાડ તાલુકાના કીમ ગામે બોલાવ ગ્રૂપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી કાર્યરત છે. મંડળીએ પ્રમુખ જશવંતસિંહ ખેરના પ્રમુખ પદ હેઠળ ખૂબ વિકાસ કર્યો હોય તેમ છતાં ગામમાંથી વિરોધનો સુર ઉઠતા ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી યોજવાની નોબત આવી હતી.વર્તમાન પ્રમુખ જશવંતસિંહ ખેર સહકાર પેનલ સાથે જ્યારે હરીફ ટીમ પરિવર્તન પેનલ સાથે ચૂંટણીમાં જંપલાવ્યું હતું.અણીતા, વડોલી,ઉમરાછી,મૂળદ,કારેલી, કિમાંમલી, કીમ,બાલોતા,સુણેવ કલ્લા,સુણેવ ખૂર્દ અને ઈલાવ સહિતના ગામોના અંદાજે 375 જેટલા મતદારો હોય આજરોજ 269 સભાસદોએ વોટિંગ કર્યું હતું.બળદગાડાના ચૂંટણી ચિહ્ન સાથેની સહકાર પેનલમાંથી વર્તમાન પ્રમુખ જશવંતસિંહ પ્રભાતસિંહ ખેરને 171 મત,હિંમતસિંહ મધુસિંહ સોલંકીને 152 મત જ્યારે કિરીટસિંહ વરાછીયાને 142 મત મળતા સહકાર પેનલના તમામ ઉમેદવાર વિજેતા બન્યા હતા.ચૂંટણી અધિકારી તરીકે દિનેશભાઈ પરમાર, પ્રિસાઈડિંગ ઓફિસર,પોલિંગ ઓફિસર તેમજ મંડળીનો સ્ટાફ ચૂંટણી પ્રક્રિયાને સફળ બનાવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે ગામમાંથી જ વિરોધનો સુર ઉઠતા પ્રતિષ્ઠા બચાવવાનો ચૂંટણી જંગ હોય ત્યારે વર્તમાન પ્રમુખ જશવંતસિંહ ખેરે જંગી મતો મેળવી પ્રતિષ્ઠા બચાવવામાં સફળ રહ્યા હતા.તમામ વિજેતા ઉમેદવારોને તમના સમર્થકોએ વધાવી લીધો હતો.

દ્રષ્ટિકોણ જનવાણી
Drashtikone Janvani (Daily) Surat

# "દીકરી બચશે તો દેશ આગળ વધશે!" ભરૂચમાં 181 અભયમ-1098ની સંયુક્ત જાગૃતિ ઝુંબેશ

## એસ.વી.એમ.આઈ.એમ. એન્જિનિયરિંગ કોલેજમાં મહિલા અને બાળ સુરક્ષા અંગે વિદ્યાર્થીઓને અપાઈ માર્ગદર્શિકા, 'બેટી બચાવો-બેટી પઢાવો'નો સંદેશ ગુંજ્યો

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ભરૂચ**


તસ્વીર : કેતન મેહતા, ભરૂચ

નારી વંદન ઉત્સવ-2026 અંતર્ગત "બેટી બચાવો, બેટી પઢાવો દિવસ"ની ઉજવણી પ્રસંગે 181 અભયમ મહિલા હેલ્પલાઈન અને 1098 ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે એસ. વી. એમ.આઈ. એમ. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીઓ વચ્ચે જાગૃતિ અભિયાન ચલાવી મહિલા અને બાળ સુરક્ષાનો શક્તિશાળી સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં દીકરીઓના શિક્ષણ, સમાન અધિકારો, મહિલા સશક્તિકરણ અને સુરક્ષિત સમાજના નિર્માણ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુવતીઓ આત્મનિર્ભર બને અને કોઈપણ ભેદભાવ વિના આગળ વધે તે માટે જાગૃતિ ફેલાવાઈ હતી. 181 અભયમ મહિલા હેલ્પલાઈન ટીમે ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ સહિતની કટોકટીમાં મળતી 24×7 મફત ઈમરજન્સી સેવા, કાઉન્સેલિંગ, પોલીસ અને કાનૂની સહાય અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને પોતાના મોબાઈલમાં 181 અભયમ એપ ડાઉનલોડ કરી જરૂરિયાત સમયે તાત્કાલિક મદદ મેળવવા અપીલ કરાઈ હતી. 1098 ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે બાળમજૂરી, બાળલગ્ન, બાળ શોષણ, બાળ તસ્કરી જેવા ગંભીર ગુનાઓ સામે સજાગ રહેવા અનુરોધ કર્યો હતો. સંકટમાં મુકાયેલા બાળકો માટે ઉપલબ્ધ 24×7 બચાવ, કાઉન્સેલિંગ અને પુનર્વસનની સેવાઓ વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ "બેટી બચાવો, બેટી પઢાવો"ના સંદેશને સમાજના દરેક ખૂણે પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મહિલા અને બાળ સુરક્ષા માટે 181 અભયમ તથા 1098ની સેવાઓનો નિ:સંકોચ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી.દીકરીનું શિક્ષણ, મહિલા સુરક્ષા અને બાળ સંરક્ષણ-આ ત્રણેય મુદ્દે ભરૂચમાં યોજાયેલા આ સંયુક્ત જાગૃતિ અભિયાનને વિદ્યાર્થીઓનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો.

# પ્રથમવાર ગુજસીટોકનો પ્રહાર: વલસાડ પોલીસે બુટલેગર સિન્ડિકેટ સામે સૌથી મોટી કાર્યવાહી

## નિલ્યો ઘોડો' સહિત બે મુખ્ય સૂત્રધારો ઝડપાયા; દારૂની હેરાફેરી, બેનામી મિલકતો અને સમગ્ર સપ્લાય નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ થશે

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વાપી**


તસ્વીર : આલમ શેખ, વાપી

દક્ષિણ ગુજરાતમાં દારૂના ગેરકાયદેસર કારોબાર સામે વલસાડ જિલ્લા પોલીસે ઐતિહાસિક અને અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ વખત સંગઠિત ગુનાખોરી સામે કડક કાયદા ગુજસીટોક (GUJSITOC) હેઠળ ગુનો નોંધી સમગ્ર બુટલેગર સિન્ડિકેટને કાયદાના સકંજામાં લેવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.પારડી પોલીસે દમણ, દાદરા અને નગર હવેલી તેમજ મહારાષ્ટ્રની સરહદ મારફતે ગુજરાતમાં વિદેશી દારૂની મોટા પાયે હેરાફેરી કરતી સંગઠિત ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો છે. આ કેસમાં સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર નિલેશ ઉર્ફે 'નિલ્યો ઘોડો' અને તેના સાગરીત કિરણ ઉર્ફે *'છનિયો'*ની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓને સુરતની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કર્યા બાદ પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર લેવામાં આવ્યા છે.સુરત રેન્જના આઈજીપી પ્રેમવીર સિંહના માર્ગદર્શન અને વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાના નિર્દેશન હેઠળ એલસીબીની ટીમે આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ લાંબા સમયથી સંગઠિત રીતે દારૂની હેરાફેરી, ધાકધમકી અને અન્ય ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવતા હતા.પોલીસના જણાવ્યા મુજબ સિન્ડિકેટના અન્ય સભ્યો સામે પણ અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. હવે ડીવાયએસપી બી. એન. દવેના નેતૃત્વ હેઠળ સમગ્ર સપ્લાય ચેઈન, ડુપ્લિકેટ નંબર પ્લેટનો ઉપયોગ, ગેંગને મદદ કરનાર વ્યક્તિઓ તેમજ ગેરકાયદે કમાણીથી ઉભી કરાયેલી બેનામી મિલકતોની પણ સઘન તપાસ હાથ ધરાશે. વલસાડ પોલીસની આ કાર્યવાહી બાદ દમણ અને મહારાષ્ટ્રની સરહદે સક્રિય બુટલેગરો તથા સંગઠિત ગુનાખોરોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પોલીસ અધિકારીઓનું માનવું છે કે ગુજસીટોક હેઠળની આ કાર્યવાહી માત્ર બે આરોપીઓ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર દારૂની હેરાફેરીના નેટવર્કને તોડી પાડવા માટે એક નિર્ણાયક પગલું સાબિત થશે.

# પૂરગ્રસ્તોના આંસુ લૂંછી આદિવાસી આગેવાનોની ફ્રેન્ડશિપ ડેની અનોખી ઉજવણી

## ચીખલીના અસરગ્રસ્ત ગામોમાં અનાજ, કરિયાણું, નોટબુક અને જરૂરી સામગ્રીનું વિતરણ; વન્યજીવ નિષ્ણાતે સર્પદંશથી બચવા આપી માર્ગદર્શિકા


તસવીર : દીપક પટેલ, ખેરગામ

**દ્રષ્ટીકોણપ્રતિનિધિ-ખેરગામ**

ફ્રેન્ડશીપ ડે ની ઉજવણીમાં કેટલાય યુવાનોએ જયારે કરોડો રૂપિયા ગિફટસ ખરીદવામાં અને પાર્ટીઓ કરવામાં વાપર્યા ત્યારે બીજીબાજુ દક્ષિણ ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં યુવા આગેવાનો ડો.નિરવ ભુલાભાઇ પટેલ,દિવ્યેશ પટેલ,કુંજાલી પટેલ અને એમની ટીમ ચીખલી તાલુકાના ઘેજ અને નાનાપોંઢા ગામના આમધા,સુખાલા વગેરે ગામોમાં પીડિત પરિવારોની મુલાકાત લઇ અનાજ-કરિયાણું,નોટબુક,વાસણ,તાડપત્રી,બિસ્કિટ,ચોકલેટ્સ સહીતની સામગ્રી લઈને ખુબ જ કઠિન પરિસ્થિતિ ધરાવતા વિસ્તારોમાં પહોંચ્યા હતા અને લોકોની વેદનાગ્રસ્ત આંખોમાં ખુશીઓ લાવવાનો પ્રયાસ કર્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં હજુપણ ઘણીબધી મદદની જરૂરિયાત હોવાની વાતો ઉચ્ચારી હતી.આ પ્રસંગે મુકેશ તીઘરા,દિવ્યેશ બીલીમોરા,આમધા સરપંચ પંકજ હાડળ,સુભાષ ઓઝરીયા,કરશન ગાંવિત,લલીતાબેન,કિરણભાઈ મહિડા,સ્નેક રેસ્ક્યુ એક્સપર્ટ મુકેશ વાયડ,ફોટોગ્રાફર પરિમલ પટેલ,હિરેન પટેલ,નિખિલ પટેલ વલસાડ અપડેટ,નરેશ આસુરા હાર્દિક સુખાલા,ભાવેશ,પથીક,ઉમેશ મોગરાવાડી,રાકેશ ઘેજ,અંકિત ઘેજ,પ્રકાશભાઈ,મોહનભાઈ સહિતના અનેક આગેવાનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ધામણને સીપીઆર આપી જીવ બચાવીને સમગ્ર દેશમાં લાઈમલાઈટમા આવેલા વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ એક્સપર્ટ મુકેશ વાયડે વન્યસૃષ્ટિ અને ઝેરી સાંપો વિષે વિગતે પરિચય આપી લોકોને ચોમાસામાં સરીસૃપ વર્ગથી રાખવી પડતી સાવચેતીઓ સમજાવી હતી.

# નાનાપોંઢાના કરાયા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

**દ્રષ્ટીકોણ પ્રતિ-નિધિ-વલસાડ**



વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના કરાયા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન GPKVB (ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ)ના માસ્ટર ટ્રેનર -વ- રિસોર્સ પર્સન ધર્મેશભાઈ પટેલ, BTM (બ્લોક ટેક્નોલોજી મેનેજર) અંકુરભાઈ પ્રજાપતિ, ATM આસિસ્ટન્ટ ટેક્નોલોજી મેનેજર જયશ્રી ટંડેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં તજજ્ઞોએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે. દેશી ગાયનું જતન સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટતા અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ મજબૂત થાય છે. ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રને તેનાથી વધુ પ્રોત્સાહન મળે છે, જેના થકી ગરીબી અને બેરોજગારી જેવી પાયાની સમસ્યાઓનું પણ નિવારણ થાય છે. એક દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી 30 એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે જેમાં ઉપયોગી દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર સાથે બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રમાણમાં ઓછા ખર્ચાળ હોય છે તેની વિરુદ્ધ રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં લાભકારી જીવોનો ક્ષય થાય છે, જ્યારે જીવામૃત, ઘનજીવામૃત અને આચ્છાદનથી અળસિયા જેવા લાભકારી જીવોની વૃદ્ધિ થાય છે જે કૃષિ પાકને પોષણ આપે છે. આ ઉપરાંત વાતાવરણમાંથી નાઈટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે. આમ, પ્રાકૃતિક કૃષિનો સ્વીકાર એ ટકાઉ વિકાસ માટે પણ ખૂબ અનિવાર્ય બની જાય છે તેથી તેના પ્રચાર અને પ્રસાર માટે લોકોમાં તેના ફાયદાઓ અંગે જાગૃતતા ફેલાવવા અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિકલ્પોને અપનાવવા જરૂરી માહિતી આપી હતી. આ ઉપરાંત ખેડૂતોને કિસાન સારથી એપ ડાઉનલોડ કરાવી એની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

# ઔરંગા નદીમાં રેતી ખનનની ખાણ-ખનિજ વિભાગ અને રૂરલ પોલીસમાં ફરિયાદ

## મુલ્લાવાડીના શખ્સ સહિત 15થી 20 મજૂરો સામે આક્ષેપ; ખેડૂતોની જમીનનું ધોવાણ, રસ્તાને નુકસાન અને ધાકધમકીનો પણ આરોપ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વલસાડ**



વલસાડ જિલ્લામાં આસપાસના વિસ્તારોમાં પડેલા ભારે વરસાદ બાદ ઔરંગા નદીમાં આવેલા ઘોડાપુરથી નદીના પટ તેમજ ખાનગી માલિકીની જમીનમાં મોટા પ્રમાણમાં રેતી જમા થઈ હતી. આ રેતીનું ગેરકાયદે ખનન અને વેપાર થતો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠતા મામલો હવે વલસાડ રૂરલ પોલીસ સુધી પહોંચ્યો છે. વલસાડ-પારડીના રહેવાસી મુકેશ દેસાઈએ વલસાડ રૂરલ પોલીસ મથકે પી.એસ. આઈ.ને લેખિત ફરિયાદ આપી જણાવ્યું છે કે, વલસાડના મુલ્લાવાડીના રહેવાસી અમિત અશોકભાઈ ઓડ તથા તેની સાથેના 15થી 20 મજૂરો નદીના પટ અને ખાનગી માલિકીની જમીનમાંથી ટ્રેક્ટરોમાં રેતી ભરી ગેરકાયદેસર રીતે વેચાણ કરી રહ્યા છે. ફરિયાદ મુજબ ટ્રેક્ટર માલિક જીતુ વિઠ્ઠલભાઈ પોતાના પાંચ જેટલા ટ્રેક્ટરો દ્વારા સતત રેતીનું પરિવહન કરાવી રહ્યા છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, આ વિસ્તારમાં દસથી બાર ખેડૂતોની વાડીઓ આવેલી છે. ભારે વાહનોની અવરજવરથી રસ્તાને નુકસાન થઈ રહ્યું છે તેમજ બેફામ રેતી ખનનના કારણે પૂરના ભારે પ્રવાહ દરમિયાન જમીનનું ધોવાણ થવાની ભીતિ પણ ઊભી થઈ છે. ફરિયાદીનો આક્ષેપ છે કે, રેતી ખનનનો વિરોધ કરતા તેમની સાથે ઝઘડો કરવામાં આવ્યો હતો. વાતાવરણ તંગ બનતા તેમણે તાત્કાલિક 112 ઈમરજન્સી સેવા તેમજ વલસાડ રૂરલ પોલીસને જાણ કરી હતી, જેના પગલે મામલો શાંત પડ્યો હતો. ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રેતી ખનનમાં સંડોવાયેલા લોકો માથાભારે સ્વભાવના છે અને કોઈ ઘટના બને ત્યારે એકબીજાને ફોન કરી 20થી 25 લોકોનું ટોળું એકત્ર કરી દે છે. તેથી ગેરકાયદે રેતી ખનન તાત્કાલિક બંધ કરાવી સંડોવાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ ફરિયાદની નકલ ખાણ-ખનિજ વિભાગને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે. હવે આ સમગ્ર મામલે ખાણ-ખનિજ વિભાગ અને વલસાડ રૂરલ પોલીસ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

# સ્મીમેર હોસ્પિટલમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી, નાટક અને પોસ્ટર દ્વારા માતાઓને જાગૃતિ અપાઈ

## ટી.એન્ડ.ટી.વી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ અને સુરત પીડિયાટ્રિક એસોસિએશનના સંયુક્ત આયોજનમાં વિદ્યાર્થીઓએ સ્તનપાનના લાભો સમજાવ્યા


તસવીર : હનિફ મલિક, સુરત

**સુરત**

ટી.એન્ડ.ટી.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ, રામપુરા દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી સ્મીમેર હોસ્પિટલ ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્મીમેર હોસ્પિટલના બાળ વિભાગના વડા, તબીબો, નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ, ડેપ્યુટી નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ, આસિસ્ટન્ટ નર્સિંગ સુપરિન્ટેન્ડન્ટ, હેડ નર્સિસ, દર્દીઓ તથા તેમના સગાસંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન સુરત પીડિયાટ્રિક એસોસિએશન અને ટી.એન્ડ. ટી.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન છઠ્ઠા સેમેસ્ટરના બી.એસસી. નર્સિંગ તથા પ્રથમ વર્ષ પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગના વિદ્યાર્થીઓએ સ્તનપાન અંગે જાગૃતિ ફેલાવવા માટે નાટ્ય રજૂ કર્યું હતું. નાટકમાં સ્તનપાનની યોગ્ય પદ્ધતિ, તેના આરોગ્યલક્ષી લાભો, સમાજમાં રહેલી ગેરમાન્યતાઓ તેમજ માતાએ રાખવાની જરૂરી કાળજી અંગે અસરકારક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત પોસ્ટર પ્રદર્શન દ્વારા માતાઓને સ્તનપાનનું મહત્વ, માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે તેના લાભો, યોગ્ય આહાર અને સ્તનપાન સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટી.એન્ડ. ટી.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ પ્રો. કિરણકુમાર દોમડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર સોનલ વાઘેલા, આસિસ્ટન્ટ પ્રોફેસર જેતલ પટેલ, લેક્ચરર વિલાસ આહીર, નર્સિંગ ટ્યુટર હિલી પટેલ, સાલવી સેહરોન તથા વિદ્યાર્થીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

# વિશ્વવિખ્યાત 'ટુમોરોલેન્ડ-2026'માં તિરંગા સાથે સુરતના યુવાનની ગૌરવપૂર્ણ હાજરી



**સુરત**

બેલ્જિયમ ખાતે યોજાયેલા વિશ્વવિખ્યાત અને વિશ્વના સૌથી મોટા ઈલેક્ટ્રોનિક મ્યુઝિક ફેસ્ટિવલ 'ટુમોરોલેન્ડ-2026'માં સુરતના યુવાન ઉત્સવ દોમડિયાએ ભારતીય રાષ્ટ્રીય ધ્વજ સાથે ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ નોંધાવી હતી. વિશ્વના વિવિધ દેશોમાંથી આવેલા હજારો સંગીતપ્રેમીઓની હાજરી વચ્ચે ભારતીય તિરંગાએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. ઉત્સવ દોમડિયાએ તિરંગા સાથે ભારતની એકતા, અખંડિતતા અને સાંસ્કૃતિક ગૌરવનો સંદેશ વિશ્વ સમક્ષ પહોંચાડ્યો હતો. આંતરરાષ્ટ્રીય મંચ પર સુરતના યુવાને દેશનું પ્રતિનિધિત્વ કરતા ભારતીયો માટે ગૌરવની ક્ષણ સર્જી હતી. સોશિયલ મીડિયા પર પણ તેમની તસવીરોને વ્યાપક પ્રશંસા મળી રહી છે.

# મૃતકના પરિવારને માત્ર 5 દિવસમાં 4 લાખની સહાય: ધારાસભ્ય કુંવરજી હળપતિએ ચેક અર્પણ કર્યો

## વરેહ નદીમાં તણાઈ જવાથી મૃત્યુ પામેલા મુકેશભાઈ ચૌધરીના પરિવારને સાંત્વના; સંકટની ઘડીમાં સરકારની સહાય સમયસર પહોંચાડવાનો પ્રયાસ સફળ


તસ્વીર: ચિંતન પટેલ, ઓલપાડ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ઓલપાડ**

157-માંડવી વિધાનસભા વિસ્તારના અંધારવાડી ગામના વતની સ્વ. મુકેશભાઈ ગવજીભાઈ ચૌધરીનું ઢોર ચરાવવા જતા વરેહ નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં તણાઈ જવાથી કરુણ અવસાન થયું હતું. આ દુ:ખદ ઘટનાની જાણ થતાં જ ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ સરકારી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત સંપર્ક અને સંકલન કરીને સહાયની કાર્યવાહી ઝડપી પૂર્ણ કરાવી હતી. ધારાસભ્યના પ્રયત્નોના પરિણામે મૃતકના પરિવારને મળવાપાત્ર સરકારશ્રીની 4 લાખની આર્થિક સહાય માત્ર પાંચ દિવસમાં મંજૂર થઈ હતી. ત્યારબાદ કુંવરજીભાઈ હળપતિ અંધારવાડી ગામે પહોંચીને સ્વ. મુકેશભાઈના પરિવારજનોને સહાયનો ચેક અર્પણ કર્યો અને તેમને સાંત્વના પાઠવી હતી. સાથે જ ભવિષ્યમાં પણ જરૂરી સહયોગની ખાતરી આપી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના અધ્યક્ષ નિરવભાઈ લાડ, માંડવી તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ જતીનભાઈ ચૌધરી, આગેવાન વિજયભાઈ પટેલ, આસપાસના ગામોના સરપંચો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે આપત્તિ કે અકસ્માત જેવી દુ:ખદ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને સરકારની સહાય ઝડપથી મળે તે માટે તંત્ર સાથે સતત સંકલન કરીને કામગીરી કરવામાં આવે છે. તેમણે જનહિત અને જનસેવા માટે સતત કાર્યરત રહેવાની પોતાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

# પરીવારથી વિખુટા પડેલા કિશોરને નિઝર પોલીસે શોધી પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

**દ્રષ્ટીકોણ પ્રતિનિ-ધિ-તાપી**


તસવીર હંસરાજ પાડવી, કુકરમુંડા

નિઝર પોલીસને પરિવારથી વિખુટા પડેલા એક કિશોરને સુરક્ષિત શોધી તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં સફળતા મળી છે. પ્રાપ્ત માહિતી મુજબ ભીલજાંબોલી ગામના રહેવાસી અને નિઝરની આર.જી. પટેલ હાઈસ્કૂલમાં ધોરણ-12માં અભ્યાસ કરતા સાજનભાઈ દિલીપભાઈ વળવી (ઉ.વ.આ.17)ને તેમના પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં તેઓને માઠું લાગી આવ્યું હતું. જેના કારણે તેઓ કોઈને જાણ કર્યા વગર ઘર છોડીને ચાલ્યા ગયા હતા. આ અંગે પરિવારજનોએ નિઝર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.વિઠ્ઠલપરાના માર્ગદર્શન હેઠળ કિશોરને તાત્કાલિક શોધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પીએસઆઈ બી.આર. બથવાર (સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, તાપી-વ્યારા), પીએસઆઈ એમ.આઈ. વસાવા તથા પોલીસ કોન્સ્ટેબલ સંતવાનભાઈ ગોમાભાઈએ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી સુરતના કિમ ચોકડી વિસ્તારમાંથી કિશોરને સુરક્ષિત શોધી કાઢ્યો હતો. ત્યારબાદ કિશોરને નિઝર પોલીસ સ્ટેશન ખાતે લાવી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. સમજાવટ બાદ કિશોરને તેના પિતા દિલીપભાઈ મગનભાઈ વળવીને સોંપી પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.

# બોટાદ પોલીસનો બરવાળામાં વિદેશી દારૂના અડ્ડા પર દરોડો, એકની ધરપકડ

## રહેણાંક મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની 10 બોટલો જપ્ત ; બોટાદ પોલીસની કાર્યવાહી


તસવીર : લાલજી મેર, બોટાદ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-બોટાદ**

બોટાદ જિલ્લા પોલીસ દ્વારા દારૂ અને જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ હેઠળ બરવાળા પોલીસને મહત્વની સફળતા મળી છે. બરવાળા પોલીસ સ્ટેશનની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂની 10 મોંઘીદાટ બોટલો સહિત કુલ 30,120નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે. બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માના માર્ગદર્શન અને બરવાળા વિભાગના વિભાગીય પોલીસ અધિક્ષક ચિંતન પટેલની સૂચના મુજબ બરવાળા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.વી. ટાંક તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ હરપાલસિંહ શિવરાજસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે બરવાળાના ખોડીયારનગર વિસ્તારમાં રહેતો સંજયભાઈ વાલજીભાઈ સોલંકી પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં મકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની 10 બોટલો મળી આવી હતી. પોલીસે કુલ 30,120ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાણપુરના લીંબડી ત્રણ પાસે બિસ્માર રોડથી વાહનચાલકો ત્રસ્ત, અકસ્માતનો ભય વધ્યો

## મુખ્ય માર્ગ પર ખાડાઓનું સામ્રાજ્ય; રોંગ સાઇડમાં વાહન હંકારી રહ્યા છે ચાલકો, કાયમી સમારકામની ઉઠી માંગ


તસવીર : લાલજી મેર, બોટાદ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં લીંબડી ત્રણ નજીક આવેલા મુખ્ય માર્ગની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. રોડ પર પડેલા મોટા ખાડાઓ અને ઊબડખાબડ સપાટીના કારણે વાહનચાલકોને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ માર્ગ પરથી પસાર થતી વખતે જાણે "જમ્પિંગ રોડ" પર વાહન ચલાવતા હોય તેવી સ્થિતિ સર્જાય છે. આ માર્ગ રાણપુર થી ધંધુકા, પાળીયાદ, બોટાદ, સાળંગપુર, બરવાળા, ગઢડા, અમદાવાદ અને ધોલેરા જેવા મહત્વના શહેરો અને તાલુકાઓ સાથે જોડતો મુખ્ય માર્ગ હોવાથી દિવસભર ભારે વાહનવ્યવહાર રહે છે. રોડની ખરાબ હાલતને કારણે વાહનચાલકો પોતાના વાહનોને નુકસાનથી બચાવવા માટે અનેક વખત રોંગ સાઈડમાં વાહન ચલાવવા મજબૂર બને છે, જેના કારણે અકસ્માતનો ભય સતત વધતો જાય છે. અને કમરના દુખાવા કરતો આ મુખ્ય માર્ગ છે સ્થાનિકોના આક્ષેપ મુજબ તંત્ર દ્વારા સમયાંતરે રોડનું સમારકામ કરવામાં આવે છે, પરંતુ તે માત્ર દેખાવ પૂરતું જ સાબિત થાય છે. થોડા જ દિવસોમાં રોડ ફરીથી ખાડાઓથી ભરાઈ જાય છે અને લોકોની મુશ્કેલી યથાવત રહે છે. ચોંકાવનારી બાબત એ છે કે આ જ માર્ગ પરથી દરરોજ વિવિધ સરકારી વિભાગોની અનેક ગાડીઓ પસાર થાય છે. તેમ છતાં રોડની આ ગંભીર સ્થિતિ તરફ સંબંધિત તંત્રનું ધ્યાન ન જતું હોવાનું સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક આ માર્ગનું ગુણવત્તાસભર અને કાયમી ધોરણે સમારકામ કરાવે, જેથી લોકો સુરક્ષિત અને સરળતાથી અવરજવર કરી શકે. હવે લોકોમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે ઘોર નિંદ્રામાં સુતેલું તંત્ર આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે લાવશે?

## આજનું રાશીફળ



**મેષ**

આજે વેપારમાં આવક વધારવાના પ્રયાસો સફળ થશે. સારી આવકના કારણે સંચિત સંપત્તિમાં વધારો થશે. આવકના સ્ત્રોતો પર ધ્યાન આપવું પડશે. નાણાંના બિનજરૂરી ખર્ચથી બચો. મિલકતના સંબંધમાં તમારે ભાગવું પડી શકે છે. પારિવારિક ખર્ચાઓ વધતા રહેશે.

**વૃષભ**

આજે પ્રેમ સંબંધોમાં પરસ્પર તાલમેલ વધારવાની જરૂર પડશે. અન્ય લોકો દ્વારા ગેરમાર્ગે દોરાશો નહીં. વિવાહિત જીવનમાં સમસ્યાઓ વધી શકે છે. જેના કારણે વૈવાહિક સુખમાં ઘટાડો થશે. પરિવારના સભ્યો વચ્ચે બિનજરૂરી મતભેદ દૂર થઈ શકે છે.

**મિથુન**

આજે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ખાસ સમસ્યા થવાની શક્યતા ઓછી છે. સ્વાસ્થ્ય સંબંધિત નાની-મોટી પરેશાનીઓ રહેશે. શરીરના જ્ઞાનતંતુઓમાં દર્દ વગેરેથી સંબંધિત રોગોથી સાવચેત રહો. હવામાન સંબંધિત રોગોના કિસ્સામાં તાત્કાલિક સારવાર મેળવો. બિલકુલ બેદરકારી ન રાખો.

**કર્ક**

આજે તમને કોઈ સારા સમાચાર મળશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં તમને સફળતા મળશે. પરિવારમાં બિનજરૂરી દલીલથી દૂર રહો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે. સ્વાસ્થ્યમાં સુધારો થવાની સંભાવના છે. મનમાં નિરાશા અને અસંતોષ રહેશે. શાંત રહો ગુસ્સાથી બચો

**સિંહ**

વ્યવસાયમાં મહત્ત્વપૂર્ણ કાર્યમાં સફળતા મળવાથી આવકમાં વધારો થશે. નાણાંની લેવડ-દેવડમાં સાવધાની રાખો. રાજનીતિમાં પદ અને પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં આર્થિક લાભ થઈ શકે છે. મનમાં નિરાશા અને અસંતોષ રહેશે. શાંત રહો ગુસ્સાથી બચો

**કન્યા**

આજે પૂર્ણ થયેલા કામમાં બિનજરૂરી વિલંબ થઈ શકે છે. તમારે તમારી બુદ્ધિનો ઉપયોગ ન કરવો જોઈએ. રોજગારની શોધમાં અહીં-તહીં ફરવું પડશે. નોકરીમાં બોસ સાથે બિનજરૂરી દલીલબાજી થઈ શકે છે. તમારે તમારા ગુસ્સા અને અહંકાર પર નિયંત્રણ રાખવું પડશે. તમારે કોઈ અનિચ્છનીય પ્રવાસ પર જવું પડી શકે છે

**તુલા**

આજે બેંકમાં જમા નાણાં આવા કોઈ કામમાં ખર્ચ થઈ શકે છે. જેની કલ્પના પણ નહીં હોય અને આટલા નાણાં ખર્ચ થશે. કે તમારે સંભવિત લોન લેવાની જરૂર પડી શકે છે. કામકાજમાં વધુ મહેનત ફાયદો જેવી સ્થિતિ રહેશે. નોકરીના સ્થાનમાં ફેરફાર સાથે, વ્યક્તિને ઈચ્છિત સ્થળે મોકલી શકાય છે. તમે જ્યાં પણ જશો ત્યાં વધુ અને ઓછો ફાયદો થશે.

**વૃશ્ચિક**

આજે મન ખૂબ જ પરેશાન રહેશે. જે લોકો પાસેથી તમને ખૂબ જ સપોર્ટની જરૂર પડશે. તે તમને દગો આપશે. આ તમારી લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે. પ્રેમ સંબંધોમાં બિનજરૂરી દલીલોને કારણે તમે નાખુશ રહેશો. પ્રેમ લગ્ન કરવા ઈચ્છુક લોકોએ પહેલા એકબીજાને તપાસીને નિર્ણય લેવાનો રહેશે. પારિવારિક જીવનમાં તમને તમારા જીવનસાથી તરફથી સુખદ સહયોગ મળશે

**ધન**

ભવિષ્યની ચિંતા રહેશે. માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. સામાજિક યશ વધશે. સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આવકના સાધન પ્રાપ્ત થશે.

**મકર**

પરિવારમાં ધાર્મિક કાર્ય થઈ શકે છે. પારિવારિક જીવન સુખી રહેશે. મકાન સુખ વધી શકે છે. માતાપિતા તમારી સાથે રહેશે. આત્મવિશ્વાસનો અભાવ રહેશે. સ્વભાવમાં ચીડિયાપણું આવી શકે છે. તમે કોઈ જૂના મિત્રને મળી શકો છો. કદાચ પ્રવાસ પર જવું પડશે.

**કુંભ**

"મન પ્રસન્ન રહેશે. કોઈ મિત્રનુ આગમન થઈ શકે છે. આવકનો નવો સ્ત્રોત ઉભો થઈ શકે છે. સંગીતમાં રસ વધી શકે છે. સ્વભાવમાં ચીડિયાપણું રહેશે. નોકરીમાં ઉન્નતિની તકો મળી શકે છે. આવકમાં વધારો પણ થશે, પરંતુ ખર્ચ પણ વધશે"

**મીન**

આત્મવિશ્વાસ ઘટશે. તમારી લાગણીઓને નિયંત્રણમાં રાખો. વાતચીતમાં ધીરજ રાખો. સારી સ્થિતિમાં રહો. મનની શાંતિ રહેશે. કૌટુંબિક જવાબદારીઓ વધી શકે છે. તમે રહેવામાં અસ્વસ્થતા અનુભવશો. પ્રતિષ્ઠામાં વધારો થશે. અટકેલા નાણાં મળવાની સંભાવના છે.

# પાટણમાં ગ્રામ પંચાયતના VCEને 200ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

## આવકનો દાખલો અને આકારણી ઉતારો કાઢી આપવા કાયદેસરની ફી ઉપરાંત રૂપિયા માંગ્યા હતા; બિલિયા ગ્રામ પંચાયત કચેરીમાં કાર્યવાહી

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-પાટણ**

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) પાટણની ટીમે સફળ ડિકોય ટ્રેપ ગોઠવી સિદ્ધપુર તાલુકાના બિલિયા ગ્રામ પંચાયતના વીલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર (VCE) ને 200ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, મેહુલકુમાર અમરતભાઈ પટેલ (ઉ.વ. 37), વી.સી.ઈ., બિલિયા ગ્રામ પંચાયત કચેરી, અરજદારોને આવકનો દાખલો, આકારણી, 7/12 અને 8-અ જેવા સરકારી દાખલાઓ કાઢી આપવા માટે કાયદેસરની ફી ઉપરાંત 50થી 1,000 સુધીની લાંચ માંગતા હોવાની માહિતી ACBને મળી હતી. આ માહિતીના આધારે



તા. 3 ઓગસ્ટ, 2026ના રોજ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ગઢવીના માર્ગદર્શન હેઠળ ડિકોય ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. ટ્રેપ દરમિયાન આરોપીએ ડિકોયર પાસેથી આકારણી અને આવકનો દાખલો કાઢી આપવા માટે કાયદેસરની ફી ઉપરાંત 200ની લાંચ સ્વીકારી હતી. ત્યારબાદ ACBની ટીમે આરોપીને રંગેહાથ ઝડપી પાડી લાંચની સંપૂર્ણ રકમ કબજે કરી હતી. આ સમગ્ર કાર્યવાહી મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ (બોર્ડર ACB એકમ, ભુજ)ના સુપરવિઝન હેઠળ તથા નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલા (રાજકોટ એકમ)ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડાંગ જિલ્લામાં બિનઅધિકૃત બાંધકામો સામે કાર્યવાહી નહીં થાય તો 11મીથી ઉપવાસ આંદોલનની ચીમકી

**ડાંગ**

ડાંગ જિલ્લામાં બિનઅધિકૃત અને બિનપરવાનગી ધરાવતા બાંધકામો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આહવાના દેવલપાડા નિવાસી મનીષભાઈ કરમશીભાઈ મારકણાએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે વર્ષ 2020થી 2024 દરમિયાન તેમજ તાજેતરના સમયમાં જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી વિના મોટા પાયે બિનઅધિકૃત બાંધકામો થયા છે. ગુજરાત પંચાયત અધિનિયમની કલમ 104 મુજબ આવા બાંધકામ માટે પૂર્વ મંજૂરી ફરજિયાત હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. અરજદારના જણાવ્યા મુજબ સંબંધિત અધિકારી દ્વારા અગાઉ ન્યૂઝ મીડિયાના માધ્યમથી ડાંગ જિલ્લામાં 63 જેટલી બિનઅધિકૃત મિલકતો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. તેમ છતાં આજદિન સુધી કોઈ પણ બાંધકામને સીલ કરવામાં આવ્યું નથી તેમજ નિયમભંગ કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી નથી. અરજદારે માંગ કરી છે કે જાહેર કરાયેલા 63 સહિત તમામ બિનઅધિકૃત બાંધકામોને તાત્કાલિક સીલ કરવામાં આવે, નિયમભંગ કરનારાઓ પાસેથી દંડ વસૂલવામાં આવે તેમજ સંબંધિત જવાબદાર અધિકારીઓની નિષ્ક્રિયતા અંગે તપાસ કરવામાં આવે. અરજીમાં ચેતવણી આપવામાં આવી છે કે જો આગામી 8 દિવસમાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે તો તારીખ 11 ઓગસ્ટ, 2026થી જિલ્લા કલેક્ટર કચેરી, આહવા ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે અચોક્કસ મુદતના પ્રતિકાત્મક/આમરણ ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે. શાંતિપૂર્ણ આંદોલન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના કે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા સર્જાય તો તેની જવાબદારી સ્થાનિક પ્રશાસનની રહેશે તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે. આ રજૂઆતની નકલ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત ડાંગ તથા જિલ્લા પોલીસ અધિક્ષક, ડાંગને પણ જાણ અને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી છે.

# એક મહિનાથી મહેસૂલી કામગીરીમાં વિલંબ સામે કોંગ્રેસનો વિરોધ



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર**

ધરમપુર તાલુકામાં છેલ્લા આશરે એક મહિનાથી પેઢીનામું, વારસાઈ, જાતિના દાખલા સહિત મહેસૂલી વિભાગની વિવિધ કામગીરીમાં થઈ રહેલા વિલંબ સામે તાલુકા કોંગ્રેસ સમિતિએ વિરોધ નોંધાવી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે કામગીરીમાં વિલંબને કારણે ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય ગ્રામજનોના અગત્યના કામો અટવાઈ રહ્યા છે. જો ટૂંક સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો પ્રાંત કચેરી ખાતે ધરણાં કાર્યક્રમ યોજવાની ચીમકી પણ આપવામાં આવી છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલના નેતૃત્વમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. રજૂઆતમાં જણાવાયું છે કે અગાઉ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા પેઢીનામું, વારસાઈ અને જાતિના દાખલા સહિતની કામગીરી સરળતાથી પૂર્ણ કરવામાં આવતી હતી. છેલ્લા એક મહિનાથી અરજદારોને રેવન્યુ તલાટી પાસે મોકલવામાં આવે છે, પરંતુ ત્યાં પણ અરજીઓનો સમયસર નિકાલ થતો ન હોવાથી અરજદારોને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ મહેસૂલી કામગીરીમાં વિલંબના કારણે ખેડૂતોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં મુશ્કેલીઓ પડી રહી છે. બીજી તરફ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવેશ, શિષ્યવૃત્તિ અને અન્ય સરકારી પ્રક્રિયાઓ માટે જરૂરી જાતિના દાખલા, પેઢીનામા અને વારસાઈના દસ્તાવેજો સમયસર મળતા નથી. સામાન્ય ગ્રામજનોને પણ રોજિંદા મહેસૂલી કામો માટે લાંબી રાહ જોવી પડી રહી છે. કોંગ્રેસ સમિતિએ મામલતદાર મારફતે સંબંધિત વિભાગને કામગીરી નિયમિત કરવા, બાકી રહેલી અરજીઓનો ઝડપી નિકાલ કરવા અને અરજદારોને અનાવશ્યક હેરાનગતિમાંથી મુક્તિ અપાવવા માંગ કરી છે. સાથે જ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો તાત્કાલિક યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ખેડૂતો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને સાથે રાખીને પ્રાંત કચેરી ખાતે ધરણાં યોજવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. આવેદનપત્ર આપતી વખતે જિલ્લા પંચાયતના સભ્ય હિનાબેન દીવા, તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના સભ્ય તથા પૂર્વ પ્રમુખ રમેશભાઈ પાડવી, દેવુભાઈ મોકાશી, રસિકભાઈ પટેલ, શીતલબેન ચૌધરી, ઈલેશભાઈ સુરતી, ફહીમ બાહનાન સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોબાઇલની લત જીવલેણ બની: ધો-7ના વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## માતા-પિતાએ માત્ર હોમવર્ક કરવા કહ્યું હતું; ઘટનાએ બાળકોમાં ડિજિટલ લત અને માનસિક સ્વાસ્થ્ય અંગે ચિંતા વધારી

**સુરત**

સુરત શહેરના વેડ રોડ વિસ્તારમાંથી એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા અને ધોરણ-7માં અભ્યાસ કરતા 13 વર્ષીય વિદ્યાર્થીનું ગળેફાંસાથી મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ, માતા-પિતાએ તેને મોબાઈલ ફોન મૂકીને હોમવર્ક કરવા જણાવ્યું હતું. ત્યારબાદ બાળક પોતાના રૂમમાં ગયો હતો, જ્યાં તે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળ્યો. પરિવાર તેને તાત્કાલિક સારવાર માટે લઈ ગયો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક વિદ્યાર્થી મૂળ ઓડિશાનો હતો અને પરિવાર સાથે સુરતમાં રહેતો હતો. તેના પિતા લૂમ્સ ઉદ્યોગમાં મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં માતા-પિતા, એક બહેન અને મૃતક વિદ્યાર્થી હતા. તે સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વેડ રોડ સ્થિત શાળા નં. 331માં ધોરણ-7માં અભ્યાસ કરતો હતો. પરિવારના પરિચિતોના જણાવ્યા મુજબ બાળકને મોબાઈલ ગેમ



રમવાનો ભારે શોખ હતો અને તેને મોબાઈલનો ઉપયોગ મર્યાદિત કરવા કહેવામાં આવતું હતું. જોકે, આવા નિવેદનો વ્યક્તિગત અભિપ્રાય છે અને ઘટનાનું ચોક્કસ કારણ સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થશે. ઘટનાની જાણ થતાં ચોક બજાર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાના ચોક્કસ કારણ અંગે સ્પષ્ટતા થશે. આ ઘટના બાળકોમાં વધતા સ્ક્રીન ટાઈમ, ડિજિટલ ઉપયોગ અને માનસિક સુખાકારી અંગે ફરી ચર્ચા જગાવે છે. નિષ્ણાતોના મત મુજબ, વાલીઓએ બાળકો સાથે નિયમિત વાતચીત કરવી, તેમની લાગણીઓ સમજવાનો પ્રયાસ કરવો અને મોબાઈલના ઉપયોગ માટે સંતુલિત નિયમો ઘડવા જરૂરી છે. જો કોઈ બાળક અથવા કિશોર અસામાન્ય રીતે ઉદાસ રહેતો હોય, ચીડિયાપણું વધતું હોય અથવા પોતાને નુકસાન પહોંચાડવાની વાત કરતો હોય, તો તેને ગંભીરતાથી લેવું અને પરિવારજનો, શાળાના શિક્ષકો અથવા માનસિક આરોગ્ય નિષ્ણાતની તાત્કાલિક મદદ લેવી જરૂરી છે.

# ભાજપ પ્રેરિત પેનલનો ક્લીન સ્વીપ: કુકરમુંડા APMCમાં તમામ 16 ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-કુકરમુંડા**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કુકરમુંડા સામાન્ય ચૂંટણી-2026માં ભાજપ પ્રેરિત પેનલે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના નેતૃત્વ અને તાપી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સુરજભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ ભાજપ સમર્થિત તમામ 16 ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં સમગ્ર તાલુકામાં ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલી અંતિમ માન્ય ઉમેદવારોની યાદી મુજબ ખેડૂત મત વિભાગની તમામ 10 બેઠકો, વેપારી મત વિભાગની તમામ 4 બેઠકો તેમજ સહકારી ખરીદ-વેચાણ મંડળી મત વિભાગની બંને બેઠકો પર ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જેમાં ખેડૂત મત વિભાગમાં મધુકરભાઈ વસાવે, ખુશાલભાઈ મરાઠે, સુભાષભાઈ પાડવી, સંદીપભાઈ મરાઠે, વિક્રમભાઈ વસાવે, અશોકભાઈ પટેલ, લક્ષ્મણભાઈ વસાવે, શાંતિલાલ મંગેશ ચૌધરી, રોહિતદાસભાઈ વળવી અને મહેન્દ્રભાઈ પટેલ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે વેપારી મત વિભાગમાં મગનલાલ ઉત્તમભાઈ ચૌધરી,ભાસ્કરભાઈ મરાઠે, આશિષકુમાર ગોયલ અને રાકેશભાઈ ચૌધરી ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા અને સહકારી ખરીદ-વેચાણ મંડળી મત વિભાગમાં ધનશ્યામભાઈ શ્રીરામભાઈ પટેલ અને શ્રીરામભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. ભાજપ આગેવાનોના જણાવ્યા મુજબ આ બિનહરીફ વિજય રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના વિકાસલક્ષી નેતૃત્વ, જિલ્લા ભાજપ પ્રમુખ સુરજભાઈ વસાવાના મજબૂત સંગઠન અને કાર્યકરોની સતત મહેનતનું પરિણામ છે. આ વિજયથી કુકરમુંડા APMCમાં ખેડૂતોના હિતોને વધુ પ્રાધાન્ય, બજાર વ્યવસ્થામાં પારદર્શિતા અને વિકાસલક્ષી કામગીરીને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.બિનહરીફ ચૂંટાયેલા તમામ ઉમેદવારોને ભાજપ પરિવાર, સ્થાનિક આગેવાનો, કાર્યકરો તેમજ શુભેચ્છકો દ્વારા હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી છે. હવે નવનિયુક્ત ચેરમેનની નિમણુકની રેસમાં ઘનશ્યામભાઈ પટેલ, સુભાષભાઈ પાડવી અને રોહીદાસભાઈ વળવીનું નામ ચર્ચામાં ચાલી રહ્યું છે. જે આવનાર 10 ઓગસ્ટ પછી સ્પષ્ટ થશે કે ચેરમેનનો તાજ કોના શિરે જશે

# ઉકાઈ જળાશયમાં પૂરનું સંકટઃ રૂલ લેવલ જાળવવા વહીવટી તંત્રનું 'મિશન ઓપરેશન'!

**૧૬,૭૪૦ ક્યુસેક પાણી પાવર હાઉસ મારફતે તાપીમાં છોડાયુંઃ ડેમ કંટ્રોલ રૂમમાં ૨૪ કલાક કડક પહાડેબંધી! નદીના પટમાં જવું મોતને વહાલ કરવા સમાનઃ ફ્લડ ગેટ ગમે તે ક્ષણે ખુલી શકે છે, તંત્ર દ્વારા રેડ એલર્ટ!**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-વ્યારા**



દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતા ઉકાઈ જળાશયના ઉપરવાસના વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે તાપી અને સુરત જિલ્લા માટે ચિંતાજનક સ્થિતિ નિર્માણ પામી છે. ઉપરવાસમાંથી ધસમસતા પાણીના પ્રવાહને લીધે ઉકાઈ ડેમની જળસપાટીમાં સતત અને નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. વર્તમાન પરિસ્થિતિમાં ડેમનું પાણી તેની નિર્ધારિત સુરક્ષિત મર્યાદા એટલે કે 'રૂલ લેવલ'ની અત્યંત સમીપ પહોંચી ગયું છે. જો આગામી કલાકોમાં ઉપરવાસમાં સહેજ પણ વધુ વરસાદ નોંધાશે, તો ડેમ વહીવટી તંત્ર માટે પાણીનું સંચાલન કરવું એક મોટો પડકાર બની રહેશે. ચોમાસાની વર્તમાન ઋતુ દરમિયાન ઉપરવાસમાંથી સતત થઈ રહેલી માતબર આવકના કારણે જળાશયની સ્થિતિમાં ઝડપી પલટો આવ્યો છે. અંકશાસ્ત્રીય વિગતો મુજબ ૨ ઓગસ્ટે ડેમની જળસપાટી ૩૨૯.૬૩ ફૂટ નોંધાઈ હતી. ૪ ઓગસ્ટે સવારે ૧૦:૦૦ વાગ્યે માત્ર ૪૮ કલાકના ટૂંકા ગાળામાં સપાટી વધીને ૩૩૩.૯૦ ફૂટ પર પહોંચી ગઈ છે. ઉકાઈ ડેમનું નિર્ધારિત રૂલ લેવલ ૩૩૫.૦૦ ફૂટ નક્કી કરાયેલું છે, જેની સરખામણીએ વર્તમાન સપાટી હવે માત્ર ૧.૧૦ ફૂટ જ દૂર રહી ગઈ છે. હાલમાં ઉકાઈ જળાશય તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૭૪.૯૦ ટકા જેટલું પાણીથી ભરાઈ ચૂક્યું છે.

પરિસ્થિતિની ગંભીરતા અને ભવિષ્યના જોખમને ધ્યાનમાં રાખીને તાપી જિલ્લા વહીવટી તંત્ર અને સિંચાઈ વિભાગે તાત્કાલિક અસરથી તમામ સુરક્ષાત્મક પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. બે દિવસ અગાઉ ડેમમાં ૨,૬૮,૭૧૬ ક્યુસેક જેટલી ભારે આવક નોંધાતાં તંત્ર દ્વારા ૨ ઓગસ્ટે સુરક્ષાના ભાગરૂપે માત્ર ૧ હાઈડ્રો પાવર યુનિટ ચાલુ કરવામાં આવ્યું હતું. જોકે, જળસપાટી ઝડપથી રૂલ લેવલ તરફ આગળ વધતાં આજે તંત્ર દ્વારા મોટો નિર્ણય લઈને ત્રણેય હાઈડ્રો પાવર યુનિટો (જળ વિદ્યુત મથકો) ને પૂર્ણ ક્ષમતા સાથે સક્રિય કરી દેવાયા છે. આ ત્રણેય યુનિટો કાર્યરત થતાં હાલ દૈનિક ૨૨૫ મેગાવોટ વીજળીનું બમ્પર ઉત્પાદન મેળવવામાં આવી રહ્યું છે. વીજ ઉત્પાદન ક્ષમતાના ઉપયોગ સાથે પાવર હાઉસ મારફતે ૧૬,૭૪૦ ક્યુસેક અને કેનાલ (નહેર) મારફતે ૮૦૦ ક્યુસેક મળીને કુલ ૧૭,૫૪૦ ક્યુસેક પાણી તાપી નદીમાં સુરક્ષિત રીતે છોડવામાં આવી રહ્યું છે. હાલના તબક્કે ડેમના મુખ્ય ફ્લડ ગેટ (દરવાજા) સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યા છે અને પાણીનો નિકાલ માત્ર કેનાલ તથા પાવર હાઉસથી જ કરાઈ રહ્યો છે.

ઉકાઈ ડેમ કંટ્રોલ રૂમ અને સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ૨૪ કલાક ડેમની સપાટી અને ઉપરવાસની આવક પર બારીકાઈથી સચોટ નજર રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતવાર માહિતી મુજબ, જો ઉપરવાસના કેચમેન્ટ વિસ્તારમાં ફરીથી ભારે વરસાદ થાય અને પાણીની આવકમાં અચાનક ઉછાળો આવે, તો નિયમ મુજબ રૂલ લેવલ જાળવી રાખવા માટે આગામી સમયમાં ગમે તે ક્ષણે ઉકાઈ ડેમના મુખ્ય દરવાજા (ફ્લડ ગેટ) ખોલીને તાપી નદીના વહેણમાં સીધું જ પાણી છોડવાની નાછૂટકે ફરજ પડશે. આ સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તાપી નદીના કાંઠે આવેલા નીચાણવાળા વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોના તમામ નાગરિકોને અત્યંત સાવચેત રહેવાની આકરી સૂચના આપવામાં આવી છે. નદીના પટમાં પશુઓને લઈ જવા, માછીમારી કરવા કે રમવા જવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. તંત્રની સુરક્ષા માર્ગદર્શિકા અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરાયો છે, જેથી કોઈ પણ અણબનાવ કે જાનમાલનું નુકસાન અટકાવી શકાય.

# પાવર ઓફ એટર્ની એટલે તમારી સત્તા બીજાને આપવી

**સહી કરતા પહેલાં જાણી લો આ કાનૂની ગૂંચ અને જોખમો**

સહી કરતા પહેલાં જાણી લો આ કાનૂની ગૂંચ અને જોખમોઆજના આધુનિક અને દોડધામવાળા સમયમાં દરેક વ્યક્તિ માટે દરેક જગ્યાએ રૂબરૂ હાજર રહેવું શક્ય નથી હોતું. ખાસ કરીને જ્યારે કોઈ વ્યક્તિ વિદેશમાં (NRI) સ્થાયી થઈ હોય, લાંબી બીમારીથી પીડાતી હોય, કે વૃદ્ધાવસ્થાના કારણે સરકારી કચેરીઓના ધક્કા ખાઈ શકે તેમ ન હોય, ત્યારે કાયદો તેમને એક ખાસ સુવિધા આપે છે.




આ સુવિધાનું નામ છે 'પાવર ઓફ એટર્ની' (Power of Attorney - POA)

સરળ ભાષામાં કહીએ તો, પાવર ઓફ એટર્ની એટલે એક એવો કાનૂની દસ્તાવેજ, જેના દ્વારા તમે તમારી કાયદેસરની સત્તા કે અધિકાર અન્ય કોઈ ભરોસાપાત્ર વ્યક્તિને સોંપો છો. આ દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિને કાયદાની ભાષામાં 'પ્રિન્સિપલ' (Principal) અને સત્તા મેળવનાર વ્યક્તિને 'એજન્ટ' (Agent) કે 'એટર્ની' કહેવામાં આવે છે.પાવર ઓફ એટર્નીના મુખ્ય પ્રકારોમુખ્યત્વે આ દસ્તાવેજના બે પ્રકાર હોય છે, જેની સત્તાની મર્યાદા અલગ-અલગ હોય છે:જનરલ પાવર ઓફ એટર્ની (GPA): આમાં પ્રિન્સિપલ પોતાના એજન્ટને વ્યાપક સત્તાઓ આપે છે. જેમ કે, બેંક ખાતા વહીવટ કરવો, કોર્ટ-કચેરીના કેસ લડવા, ભાડું ઉઘરાવવું, વેપારના નિર્ણયો લેવા અને મિલકતોની દેખરેખ રાખવી. આ પાવર ખૂબ જ જવાબદારીભર્યો છે કારણ કે એજન્ટ તમારા વતી મોટા નિર્ણયો લઈ શકે છે.

સ્પેશિયલ પાવર ઓફ એટર્ની (SPA):

આ દસ્તાવેજ માત્ર કોઈ એક ચોક્કસ (Specific) કામ માટે જ આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો તમે માત્ર કોઈ એક ચોક્કસ જમીન કે ફ્લેટ વેચવા માટે, અથવા ફક્ત એક ચોક્કસ કોર્ટ કેસમાં હાજર રહેવા માટે પાવર આપો, તો તે કામ પૂરું થતાં જ આ પાવર આપોઆપ પૂરો થઈ જાય છે. સુરક્ષાની દૃષ્ટિએ આ પ્રકાર સૌથી ઉત્તમ ગણાય છે. સૌથી મોટી ગેરસમજ: નોટરી પાવર એટલે માલિકી હક નથી!ગુજરાતમાં અને દેશભરમાં એક બહુ મોટી ગેરસમજ પ્રવર્તે છે કે, માત્ર રૂા. ૩૦૦ કે ૫૦૦ ના સ્ટેમ્પ પર નોટરી સમક્ષ પાવર ઓફ એટર્ની કરાવી લીધી એટલે મિલકત ખરીદવાનું કામ પૂરું થઈ ગયું. લોકો સરકારી ટેક્સ (સ્ટેમ્પ ડ્યુટી) બચાવવા માટે રજિસ્ટર્ડ દસ્તાવેજના બદલે નોટરી પાવર પર મિલકતોની લે-વેચ કરે છે.સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો (સૂરજ લેમ્પ કેસ): માનનીય સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, પાવર ઓફ એટર્ની (GPA) એ મિલકત ટ્રાન્સફર કરવાનો દસ્તાવેજ નથી. તેનાથી કોઈ પણ વ્યક્તિને મિલકતનો માલિકી હક (Ownership) મળતો નથી. જો પાવર ઓફ એટર્ની દ્વારા સ્થાવર મિલકત (જમીન, મકાન, દુકાન) નું વેચાણ કરવાનું હોય, તો તે દસ્તાવેજ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં ફરજિયાત રજીસ્ટર (Registered) કરાવવો પડે છે અને સરકારના નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડે છે.સ્ટેમ્પ ડ્યુટી અને લોહીના સંબંધોનું ગણિતસરકારે પાવર ઓફ એટર્નીમાં થતી છેતરપિંડી રોકવા માટે સ્ટેમ્પ ડ્યુટીના કડક નિયમો બનાવ્યા છે: લોહીના સંબંધોમાં (Close Relatives): જો તમે તમારા પિતા, માતા, ભાઈ, બહેન, પતિ, પત્ની કે પુત્ર-પુત્રીને પાવર ઓફ એટર્ની આપો છો, તો સ્ટેમ્પ ડ્યુટી ખૂબ જ ઓછી (નજીવી) હોય છે. ત્રીજી વ્યક્તિને (Third Party): જો તમે લોહીના સંબંધ બહારની કોઈ અજાણી વ્યક્તિ કે મિત્રને મિલકત વેચવાની સત્તા સાથેનો પાવર આપો છો, તો કાયદા મુજબ મિલકતના વર્તમાન બજાર ભાવ (જંત્રી દર - Jantri Rate) મુજબ પૂરેપૂરી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે છે. પાવર ઓફ એટર્ની ક્યારે રદ થાય?ઘણા લોકો એવું વિચારે છે કે એકવાર પાવર આપી દીધા પછી તે ક્યારેય પાછો લઈ શકાતો નથી, જે તદ્દન ખોટું છે.સ્વૈચ્છિક રદબાતલ (Revocation): પાવર આપનાર વ્યક્તિ ગમે ત્યારે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં જઈને 'કેન્સલેશન ડીડ' (Cancellation Deed) દ્વારા પાવર રદ કરી શકે છે અને તેની પબ્લિક નોટિસ ન્યૂઝપેપરમાં આપી શકે છે.

મૃત્યુ અથવા માનસિક અસ્વસ્થતા:

કાયદાની સૌથી મોટી જોગવાઈ એ છે કે, પાવર આપનાર (Principal) અથવા લેનાર (Agent) બેમાંથી કોઈપણ એક વ્યક્તિનું મૃત્યુ થાય, એટલે પાવર ઓફ એટર્ની આપોઆપ રદ (Terminate) થઈ જાય છે. મૃતક વ્યક્તિના પાવરના આધારે ભવિષ્યમાં કરેલા કોઈ પણ વ્યવહારો ગેરકાનૂની અને જેલની સજા પાત્ર બને છે.

વકીલની કાનૂની સલાહ (Legal Tips):

પાવર ઓફ એટર્ની હંમેશાં એવી જ વ્યક્તિને આપો જેના પર તમને આંધળો વિશ્વાસ હોય. દસ્તાવેજમાં 'પાવર' આપતી વખતે એક-એક કલમ ધ્યાનથી વાંચો કે તમે એજન્ટને કઈ કઈ સત્તાઓ આપી રહ્યા છો.બને ત્યાં સુધી 'જનરલ પાવર' આપવાનું ટાળો અને માત્ર કામ પૂરતો 'સ્પેશિયલ પાવર' જ આપો.જો કોઈ વિવાદ જણાય, તો વિલંબ કર્યા વગર તુરંત જ પાવર ઓફ એટર્ની કાનૂની રીતે રદ કરાવો

# કામરેજ સુગર મિલ ચૂંટણીમાં જંગ જામ્યોઃ 18 જૂથોમાં 55 ઉમેદવારોના 122 ઉમેદવારી ફોર્મ ભરાયા

**સભાસદ ખેડૂતોમાં ભારે ઉત્સાહ; અનામત અને મહિલા બેઠકો પર પણ જોરદાર દાવેદારી, આગામી ચૂંટણી રસાકસીભરી બનવાના એંધાણ**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ઓલપાડ**

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., નવીપારડી (તા. કામરેજ, જિ. સુરત) ની ચૂંટણી-૨૦૨૫ ને લઈને સહકારી ક્ષેત્રમાં ભારે ઉત્સાહ અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. મંડળીની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સહકારી આલમમાં અને ખેડૂતોમાં અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચ અને મંડળી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયા દરમિયાન સભાસદ ખેડૂતો અને સહકારી આગેવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંડળીના વિવિધ ૧૮ જૂથોમાંથી ચૂંટણી લડવા માટે ઉત્સાહી ઉમેદવારોએ આગળ આવીને પોતાના ફોર્મ સબમિટ કરાવ્યા છે. તારીખ ૦૪/૦૮/૨૦૨૫ સુધીમાં મળેલા આંકડાઓ મુજબ, મંડળીના તમામ ૧૮ જૂથોમાંથી કુલ ૫૫ ઉમેદવારો દ્વારા કુલ ૧૨૨ જેટલા ઉમેદવારી ફોર્મ ભરાઈને રજૂ થયા છે. જેમાં જુદા જુદા જૂથોમાંથી સહકારી મંડળીના વિકાસ માટે ઉમેદવારોએ જોરશોરથી દાવેદારી નોંધાવી છે. જૂથવાર વિગતો પર નજર કરીએ તો, ઘલા જૂથમાં ૨ ઉમેદવારોના ૬ ફોર્મ, કઠોરમાં ૨ ઉમેદવારોના ૬ ફોર્મ, વાવમાં ૨ ઉમેદવારોના ૫ ફોર્મ, કામરેજમાં ૨ ઉમેદવારોના ૭ ફોર્મ, દિગસમાં ૫ ઉમેદવારોના ૬ ફોર્મ, જોખામાં ૪ ઉમેદવારોના ૭ ફોર્મ, ઓલપાડમાં ૪ ઉમેદવારોના ૯ ફોર્મ, સાંધીએરમાં ૫ ઉમેદવારોના ૮ ફોર્મ, અને કુડસદ જૂથમાં ૪ ઉમેદવારોના ૧૪ ફોર્મ રજૂ થયા છે. આ જ ક્રમમાં, એરથાણ જૂથમાં ૨ ઉમેદવારોના ૫ ફોર્મ, બૌધાનમાં ૪ ઉમેદવારોના ૫ ફોર્મ, લીંબાદામાં ૩ ઉમેદવારોના ૫ ફોર્મ, પીપોદરામાં ૫ ઉમેદવારોના ૭ ફોર્મ, તેમજ મોટાવરાછા જૂથમાં ૫ ઉમેદવારોના ૭ ફોર્મ નોંધાયા છે. મંડળીની આ ચૂંટણીમાં સામાન્ય બેઠકોની સાથે સાથે અનામત અને મહિલા બેઠકો પર પણ ઉમેદવારોએ ભારે ઉત્સાહ દાખવ્યો છે. અનામત બેઠકોની સ્થિતિ જોઈએ તો, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ પૈકી અનામત જૂથમાં ૬ ઉમેદવારોના ૧૫ ફોર્મ, નાના/સીમાંત ખેડૂત પૈકી અનામત જૂથમાં ૨ ઉમેદવારોના ૨ ફોર્મ, તેમજ મહિલા અનામત બેઠકો માટે અનુક્રમે ૪ ઉમેદવારોના ૫ ફોર્મ અને ૨ ઉમેદવારોના ૩ ફોર્મ રજૂ થયા છે. આમ, કુલ ૧૮ જૂથોમાંથી ૧૨૨ ફોર્મ ભરાતા આગામી સમયમાં ચૂંટણી રસાકસી ભરેલી અને રોમાંચક બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

# શહેરના મોટાભાગના રસ્તાઓ વરસાદે ધોઈ નાંખ્યા, લોકો બેહાલ

**માર્ગોની ગેરેન્ટી-વોરન્ટીની વાતો કરતાં મનપાના બાબુઓની બોલતી બંધ : જ્યાં જુઓ ત્યાં ઉબડખાબડ રસ્તા, મોટા ખાડાઓ જાણે જીવ લેવા તત્પર**



તસવીર : હનિફ મલિક, સુરત

**સુરત**

સુરત શહેરમાં ત્રણ રાઉન્ડમાં લગભગ 65 ઈંચ વરસાદ ખાબક્યો છે ત્યારે શહેરના મોટાભાગના રસ્તાઓને તેની અસર થઈ હોવાનું સામે આવ્યું છે. ભાગ્યે જ એવા કોઈ રસ્તા હશે જેને ઉની આંચ પણ આવી ન હોય. ઉબડખાબડ માર્ગો અને મસમોટા ખાડાઓને કારણે ગંભીર અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. આવા સમયે કોન્ટ્રાક્ટરો પાસે રસ્તાઓના કામની ગેરેન્ટી લીધી હોવાની વાતો પણ જાણે ધોવાઈ ગઈ હોય તેમ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓની જાણે બોલતી બંધ થઈ ગઈ છે. શહેરમાં જ્યાં જ્યાં ભારે વરસાદમાં પાણી ભરાયા હતાં ત્યાં રસ્તાની હાલત બદતર બની ગઈ છે. ખાસ કરીને મોટાભાગના રેલવે ગરનાળાના રસ્તાઓ તો જાણે સંપૂર્ણ ધોવાઈ ગયા છે. બ્રિજ કે ફ્લાય ઓવરથી નીચે ઉતરતા હોય તેવા રસ્તાઓની પણ હાલત કફોડી થઈ ગઈ છે. સુરત મનપાના મોટાભાગના ઝોન આ સમસ્યાથી લંગડાવા લાગ્યા છે, એટલું જ નહીં, પોશ ગણાતા અઠવા ઝોનની હાલત પણ આ વખતે દયનીય થઈ ગઈ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા રોડના કામો કોન્ટ્રાક્ટરને સોંપાય છે. કરોડોના ખર્ચે થતાં આ રસ્તાઓના કામો માટે પાલિકા એવું કહે છે કે તેની ગેરેન્ટી લેવાય છે. એટલે કે રસ્તાઓની ગુણવત્તા એટલી સારી હોય, કે અમુક વર્ષો સુધી રસ્તાનો કાંગરો પણ ન ખરે. જેને માટે જ પાલિકા આવા કોન્ટ્રાક્ટરોને ટેન્ડરની મોટી રકમ ચૂકવે છે, જે છેવટે તો શહેરીજનોના ખિસ્સામાંથી જ ખર્ચાતી હોય છે. જો કે છેલ્લા ઘણાં વર્ષોથી એવું જોવામાં આવી રહ્યું છે કે ઊંચા ભાવના ટેન્ડરો સાથે, ગેરેન્ટી સાથે બનેલા મોટાભાગના રોડ પહેલા વરસાદમાં જ ધોવાઈ જાય છે. સુરતમાં વરસાદની નવાઈ નથી, વર્ષોથી દાયકાઓથી સુરતમાં ભારે વરસાદ પડે છે તે નિશ્ચિત છે. જેથી આ ભારે વરસાદ ખમી શકે તેવા રોડ જ બનાવવા જોઈએ અને તેવી જ જાહેરાતો સાથે કોન્ટ્રાક્ટરોને ટેન્ડરની મોટી રકમ ચૂકવાય છે. પરંતુ આટલા વર્ષોમાં હજુ સુધી ખબર જ પડતી નથી કે રસ્તાઓના કામોની ગોબાચારીમાં દોષી કોણ છે?

### પોશ વિસ્તાર વેસુમાં કેનાલ રોડ પર ભુવો પડ્યો, લોકોમાં ફફડાટ

રસ્તાઓની કામોની ગોબાચારીની બૂમો વચ્ચે આજે વેસુ કેનાલ રોડ પર ભુવો પડતાં પાલિકાની કામગીરી ફરી વિવાદમાં આવી છે. હજુ તો થોડા સમય પૂર્વે જ અહીં ડ્રેનેજ લાઈનની કામગીરી બાદ માર્ગ બનાવવામાં આવ્યો હતો. હવે પહેલા જ વરસાદમાં આ માર્ગ ધોવાયો છે અને આજે મસમોટો ભુવો પડતાં લોકોમાં ડરનો માહોલ ઉભો થયો છે. તંત્ર દ્વારા હાલ તો આ ભુવાની આસપાસ બેરિકેડિંગ કરીને માર્ગ તાત્કાલિક બંધ કરાયો છે અને તેના રિપેરીંગની તૈયારીઓ શરૂ કરાઈ છે. અલબત્ત હજુ તો ચોમાસાની સીઝન અડધી બાકી છે. ત્યારે ચાલુ ટ્રાફિકે આવો ભુવો પડે તો કોઈ વાહન તેમાં ખાબકે અને જાનહાનિ પણ થઈ શકે.

### થીંગડાની કોઈ ગેરેન્ટી ખરી, કે વરસાદમાં પાછા ધોવાઈ જશે?

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરભરમાં બિસ્માર માર્ગો પર થીંગડા મારવા શરૂ કરાયા છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે આની પાછળ પણ કરોડો રુપિયા ખર્ચાશે પરંતુ તેની કોઈ ગેરેન્ટી રહેશે ખરી? થીંગડાની વાત પણ નવી નથી. વરસાદમાં બિસ્માર માર્ગો પર દર વર્ષે થીંગડા મારવામાં આવે છે પરંતુ બીજા-ત્રીજા વરસાદમાં કે પછી વરસાદ વિના પણ ટ્રાફિકને કારણે આ થીંગડા ઉખડી જાય છે અને માર્ગોની સ્થિતિ ફરી દયનીય થઈ જાય છે. ત્યારે હવે લોકોમાં સ્વાભાવિક જ માંગ ઉઠી રહી છે કે થીંગડા મારો એનો વાંધો નહીં, પણ થોડો સમય ટકી રહે તેવા થીંગડા મારજો.

#### સત્તાપક્ષ, વિપક્ષ અને ઉચ્ચાધિકારીઓ રસ્તા રિપેરીંગની કામગીરી ચેક કરે, પાછળથી બૂમો ન મારે

અત્યાર સુધી એવું જોવામાં આવ્યું છે કે માર્ગો બિસ્માર બને ત્યારે સત્તાપક્ષ હોય કે વિપક્ષ, તુરંત રસ્તે ઉતરી પડે છે, વહીવટી તંત્રને ચાબખાં મારે છે, ખાસ કરીને વિપક્ષ ભ્રષ્ટાચારની બૂમો પાડે છે. જો કે ક્યારેય એવું બન્યું નથી કે રસ્તાઓના કામ ચાલુ હોય કે રિપેરીંગ થઈ રહ્યું હોય ત્યારે સત્તાપક્ષ કે વિપક્ષના સભ્યો તે જોવા ગયા હોય. કામગીરીમાં મટિરિયલ્સની યોગ્ય ગુણવત્તા છે કે નહીં, કામ બરોબર ચાલી રહ્યું છે કે નહીં, તેવું જોવાની તસ્દી કોઈ લેતું નથી. હાલમાં પણ ખાસ તો વિપક્ષને કહેવાનું કે અત્યારે થીંગડાના કામો તો ક્રમસર ક્રમ ચેક કરી લેજો, તો તમારી લોકો પ્રત્યેની વિપક્ષ તરીકેની જવાબદારી સાચી સાબિત કરી શકાય.

# મીઠીખાડીના પૂરે હજારો બાળકોનું શિક્ષણ બગાડ્યું

**મનપાની સમિતિની ત્રણ શાળામાં પાઠ્યપુસ્તકો ઉપરાંત બાળકોના યુનિફોર્મ, બૂટ-મોજા અને સ્ટેશનરી કિટ બરબાદ થઈ ગયા**



**સુરત**

સુરત શહેરમાં મીઠી ખાડીના પૂરને પગલે શિક્ષણને પણ વ્યાપક નુકસાન થયું છે. સમિતિની ત્રણ શાળામાં ખાડીપૂરના પાણી ફરી વળતા પાઠ્યપુસ્તકો બગડી ગયા છે. તો બીજી તરફ આ વિસ્તારમાં રહેતાં બાળકોના ઘરોમાં યુનિફોર્મ, બૂટ-મોજાં સહિતની શૈક્ષણિક સામગ્રી પણ બરબાદ થઈ ગઈ છે. આ અંગે મદદ માટે સરકારને પત્ર લખવામાં આવ્યો છે. શહેરમાં છેલ્લા 25 દિવસ દરમિયાન ત્રણ વખત સર્જાયેલી ખાડીપૂરને પગલે હજારો ઘરોમાં સાતથી આઠ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું. ત્યારે ઘરવખરી સાથે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક જીવન પણ ગંભીર રીતે પ્રભાવિત થયું છે. મીઠીખાડી વિસ્તારની સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ત્રણ શાળામાં પાઠ્યપુસ્તકો પલળીને ખરાબ થઈ ગયા હોવાનું બહાર આવ્યું છે. ખાડીપૂરના પાણીમાં હજારો વિદ્યાર્થીઓના યુનિફોર્મ, બુટ-મોજાં અને સ્ટેશનરી કીટ પણ સંપૂર્ણપણે બગડી જતાં તેઓ માટે ફરી અભ્યાસ શરૂ કરવો મુશ્કેલ બન્યો છે. પૂરનું પાણી ઓસર્યા બાદ શાળાના પ્રતિનિધિઓ અને શિક્ષકો અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા ત્યારે અનેક વાલીઓ પલળેલા પુસ્તકોને તડકામાં સુકવવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. આ મુદ્દે શિક્ષણ સમિતિને પત્ર લખી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નવી શૈક્ષણિક સામગ્રી આપવાની માંગ કરી છે. અંદાજે સાતથી આઠ હજાર વિદ્યાર્થીઓ ખાડીપૂરની અસર હેઠળ આવ્યા હોવાનું પ્રાથમિક મૂલ્યાંકન છે. આ તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ઉપરાંત યુનિફોર્મ, બુટ-મોજાં અને સ્ટેશનરી કીટ પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

### બે-ત્રણ દિવસમાં નવા પાઠ્યપુસ્તકો આવી જશે, એકાદ મહિનામાં યુનિફોર્મ-બૂટ-મોજાં પણ અપાશે

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ જણાવ્યું કે રાજ્ય સરકારે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની વિગતો મંગાવતા સમિતિએ 1 ઓગસ્ટના રોજ 1,01,200 પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે પત્ર મોકલાયો છે. આગામી બે-ત્રણ દિવસમાં નવા પાઠ્યપુસ્તકો મળવાની આશા છે, જેથી વિદ્યાર્થીઓનું ભણતર ઝડપથી ફરી શરૂ થઈ શકે. નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના ડેટા સાથે પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓની વિગતો પણ રાજ્ય સરકારને મોકલવામાં આવશે. તેના આધારે યુનિફોર્મ, બુટ-મોજાં અને સ્ટેશનરી કીટનું વિતરણ આગામી મહિને એકસાથે કરવામાં આવશે.

This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.